સુવિચાર

પરેશાની હાલતથી નહીં, વિચારો થી જન્મ લે છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




ભાયાવદરના અરણી ગામની સીમમાં જુગાર રમતા પાંચ પત્તાપ્રેમી ઝડપાયા

P-4

Year-16, Issue-256 ■ DATE : 12-02-2026 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# નવા લેબર કોડ સામે ટ્રેડ યુનિયનનું ભારતબંધનું એલાન



## દેશભરના ૧૦ સેન્ટ્રલ ટ્રેડ યુનિયનો જોડાયાઃ બેંકિંગ તેમજ વિમાન સેવા પુરી રીતે ઠપ્પઃ વિજ ક્ષેત્રના કર્મચારીઓ પણ જોડાયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર સરકાર પર ખેડૂત, કામદાર, વિરોધી અને કોર્પોરેટ તરફી નીતિઓ અપનાવવાના આરોપ સાથે આજે દેશના વિવિધ કામદાર સંગઠનોએ આવેલા હડતાલના એલાનના પગલે બેન્કીંગ, વિજળી, ટ્રાન્સપોર્ટ તથા કેટલાક સરકારી સહિતના વિભાગોમાં કરોડો કર્મચારીઓ કામકાજથી દુર રહેતા તેની વ્યાપક અસર જોવા મળી રહી છે.

કેન્દ્ર સરકારા દ્વારા લાવવમાં આવેલા ચાર નવા કાયદાને લઈને દેશના મોટા બેંક સંગઠનો ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસિએશન, ઓલ ઈન્ડિયા બેંક ઓફિસર્સ એસોસિએશન અને બેંક એમ્પ્લોઈઝ ફેડરેશન ઓફ ઈન્ડિયા સહિતના દેશભરના ૧૦ સેન્ટ્રલ ટ્રેડ યુનિયનો દ્વારા ભારતબંધનું એલાન કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રવ્યાપી હડતાળના એલાનને ગુજરાતમાં વ્યાપક પ્રતિસાદ મળ્યો છે. આજે ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસિએશન સહિતના સંગઠનો આ હડતાળમાં જોડાતા રાજ્યભરના બેંકિંગ વ્યવહારોને ગંભીર અસર પહોંચી છે. પ્રાથમિક અંદાજ મુજબ, આ હડતાળને કારણે ગુજરાતમાં અંદાજે ૧૫,૦૦૦ કરોડ બેંકિંગ ટ્રાન્ઝેક્શનને અસર જોવા મળી રહી છે.

ગુજરાતભરમાં બેંકર્મચારી વિવિધ બેનરો સાથે રોડ પર ઉતર્યા છે. બેંકકર્મીઓએ ગવર્મેન્ટ કી હિટલરશાહી, નહીં ચલેગી, નહીં ચલેગી, લેબર કોડ વાપસ લેના હોગા જેવા સુત્રોચ્ચાર કર્યા હતાં. દેશના ૧૦થી વધુ કેન્દ્રીય ટ્રેડ યુનિયનોની માગ છે કે, સરકાર નવો લેબર કોડ પરત લે.

તેઓએ કહ્યું કે, અત્યારે દેશના યુવાનો બેરોજગારીનો સામનો કરી રહ્યા છે, ત્યારે અમારી માગ છે કે કોન્ટ્રાક્ટ પ્રથાને બદલે કાયમી નોકરીઓ હોવી જોઈએ. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સિવાયની લગભગ તમામ પબ્લિક સેક્ટર અને પ્રાઈવેટ સેક્ટરની બેંકો આજે બંધ છે. સ્ટેટ બેંકની કામગીરી ચાલુ છે, પરંતુ બાકીની મોટાભાગની બેંકોના કર્મચારીઓ કામથી અળગા રહ્યા છે.

સુરતમાં સવારથી જ બેંક ઓફ ઈન્ડિયા સ્ટાફ યુનિયન અને અન્ય સંગઠનોના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં કામદારો સુરત કલેક્ટર કચેરી ખાતે એકઠા થયા હતા અને સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ હડતાળમાં માત્ર બેંક કર્મચારીઓ જ નહીં, પરંતુ એલઆઈસી, રેલવે, પોસ્ટ, ઈન્કમટેક્સ, એસ.ટી., આંગણવાડી અને આશા વર્કરો પણ જોડાયા છે. સુરતના કાપડ અને હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા કેટલાક યુનિયનોએ પણ આ લડતને ટેકો જાહેર કર્યો છે.

# બાંગ્લાદેશમાં ચૂંટણી મતદાન પૂર્વે જ હિન્દુ યુવકની ઘાતકી હત્યા

### હસીના સરકારના પતન બાદ ૧૮ મહિને ચૂંટણી



**મુખ્ય સમાચાર, ઢાકા**

બાંગ્લાદેશમાં ૨૦૨૪માં વિદ્યાર્થી બળવા બાદ સર્જાયેલા સત્તા પલ્ટા પછી પ્રથમ વખત ચૂંટણી યોજાય રહી છે. આજે ૨૯૯ સંસદીય બેઠકો પર મતદાન કરવામાં આવ્યું હતું. મતદાન પૂર્વે વધુ એક હિન્દુની ઘાતકી હત્યા થઇ હતી.

બાંગ્લાદેશમાં આજે ચૂંટણી મતદાન શરુ થતાં પૂર્વે જ ૨૮ વર્ષિય યુવાનની હત્યાથી હિન્દુ સમુદાયમાં ભય અને ગભરાટ સર્જાયો હતો. રતન સાહુકાર નામના યુવકનો મૃતદેહ હાથ-પગ બાંધેલી અને ઈજાગ્રસ્ત હાલતમાં ચાના બગીચામાંથી મળ્યો હતો. તેને પગલે મતદાન દરમ્યાન પણ લઘુમતી હિન્દુઓ પર વધુ હુમલા-હિંસા થવાની આશંકા વ્યક્ત થઇ હતી.

પોલીસના સૂત્રોએ કહ્યું કે રતન સાહુકારનો મૃતદેહ લોહીલોહાણ હાલતમાં હતો અને શરીરમાં ઈજાના નિશાન હતો. ચાના બગીચામાં કામ કરતો હતો અને યુનિયન સાથે પણ જોડાયેલો હતો. તે ગૂમ હોવાથી પરિવાર શોધખોળ કરતો જ હતો જ્યાં ચાના બગીચામાંથી લાશ મળી આવી હતી.

દરમ્યાન બાંગ્લાદેશમાં વર્ષ ૨૦૨૪ના વિદ્યાર્થી-બળવા બાદ આજે પ્રથમ વખત ચૂંટણીનું મતદાન યોજાયું હતું. શેખ હસીના સરકારના પતનના ૧૮ માસ બાદ ચૂંટણી યોજાઇ છે. ૨૯૯ બેઠકો માટે ૧૨.૭ કરોડ મતદારો છે.

બાંગ્લાદેશના ઈતિહાસમાં પ્રથમ વખત શેખ હસીનાની પાર્ટી અવામી લીગ ચૂંટણી જંગમાંથી બહાર છે. જમાત-એ-ઈસ્લામ તથા બાંગ્લાદેશ નેશનલીસ્ટ પાર્ટી વચ્ચે સીધો જંગ છે.

ચૂંટણી પૂર્વે ભારતના પાડોશી દેશમાં વ્યાપક હિંસા અને ટેન્શનને ધ્યાને રાખીને લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવા છતાં તોડફોડ જેવા ઘટનાક્રમ હતો. ઢાકામાં જ ૧૩ જેટલા મતદાન બૂથો પર તોડફોડ કરવામાં આવી હતી. ૧૮ મહિને ચૂંટણી થતી હોવાથી લોકોમાં ઉત્સાહ હતો.

બાંગ્લાદેશની ચૂંટણી પર ભારતની પણ નજર છે કારણ કે નવી સરકારના આધારે ભારત સાથેના સંબંધો નક્કી થશે. ભારત તરફી પાર્ટીની સરકાર રચવાના સંજોગોમાં સંબંધો મજબૂત થઇ શકે છે.

# રાહુલ ગાંધીનું સભ્યપદ રદ કરવા ભાજપના સાંસદની નોટીસ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગુરુવારે બજેટ ચર્ચા દરમિયાન હોબાળાને કારણે લોકસભામાં પ્રશ્નકાળ ફરી ખોરવાઈ ગયો હતો. સવારે ૧૧ વાગ્યે ગૃહ ફરી શરૂ થતાં જ વિપક્ષે હોબાળો મચાવ્યો હતો. સાંસદો પ્લે કાર્ડ અને પોસ્ટરો સાથે વેલમાં ધસી ગયા હતા. આ દરમિયાન સૂત્રોચ્ચાર ચાલુ રહ્યા. સ્પીકરની ખુરસી પર બેઠેલા સ્પીકર કે.પી. ટેન્નેટીએ માત્ર સાત મિનિટ પછી ગૃહને બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરી દીધું.

લોકસભાની કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યે ફરી શરૂ થઈ. આ દરમિયાન પીએમ મોદી આજે રાજ્યસભામાં પહોંચ્યા.



સાંસદ નિશિકાંત દુબેએ આજે લોકસભામાં રાહુલ ગાંધી વિરુદ્ધ એક પ્રસ્તાવ રજૂ કર્યો છે. તેમણે રાહુલ પર દેશને ગેરમાર્ગે દોરવાના આરોપ લગાવ્યા છે. દુબેએ રાહુલ ગાંધીનું સંસદ સભ્યપદ રદ કરવા અને આજીવન ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવાની માગ કરી છે.

સબ્સટેંસિવ મોશન એક એવો પ્રસ્તાવ છે જેના પર ગૃહ સીધી ચર્ચા કરી શકે છે અને નિર્ણય લઈ શકે છે. આ પ્રસ્તાવમાં સ્પષ્ટપણે લખેલું છે કે ગૃહે કોઈપણ મુદ્દા પર શું નિર્ણય લેવો જોઈએ.

આ દરમિયાન, કેટલાક મીડિયા અહેવાલોમાં અગાઉ દાવો કરવામાં આવ્યો હતો કે સરકાર રાહુલ ગાંધી વિરુદ્ધ વિશેષાધિકાર ભંગનો પ્રસ્તાવ પણ લાવી શકે છે. જોકે, હવે અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે તેમનું ૧૧ ફેબ્રુઆરીનું નિવેદન હટાવવામાં આવી શકે છે.

આ પહેલાં સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજિજુએ X પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો. એમાં ૪ ફેબ્રુઆરીએ લોકસભા સ્પીકરની ચેમ્બરમાં થયેલા હોબાળાનું વર્ણન કર્યું હતું. રિજિજુએ દાવો કર્યો હતો કે વિપક્ષી સાંસદોએ પ્રિયંકા ગાંધીની હાજરીમાં અપશબ્દો બોલ્યા હતા.






MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# સ્વાદ સાથે સ્વાસ્થ્યનો સમન્વય : ફોર્ટિફિકેશન અભિગમથી કુપોષણ અને એનિમિયા મુક્ત ગુજરાતનો સંકલ્પ સાકાર કરવા સરકાર પ્રયત્નશીલ

**આયોડિન અને આયર્નયુક્ત કલ્પતરુ મીઠું તેમજ વિટામિન્સથી સભર ફોર્ટિફાઇડ ચોખા; સ્વાદ એ જ, પણ પોષણ અનેકગણું: NFSA કાર્ડધારકો, શાળાઓ અને આંગણવાડીઓ સુધી પહોંચી રહ્યું છે પોષણનું ભાથું: સામાન્ય આહાર પદ્ધતિ કે રસોઈની રીતમાં ફેરફાર કર્યા વિના જ સૂક્ષ્મ પોષકતત્વોની ઉણપ દૂર કરી સ્વસ્થ ગુજરાતના સંકલ્પમાં સહભાગી બનીએ**

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી વર્તમાન સમયમાં બદલાતી જતી જીવનશૈલી અને આહાર પદ્ધતિ વચ્ચે નાગરિકોના સ્વાસ્થ્યની જાળવણી એ રાજ્ય સરકારની સર્વોચ્ચ અગ્રતા રહી છે. ખાસ કરીને બાળકો, કિશોરીઓ અને સગર્ભા માતાઓમાં જોવા મળતા કુપોષણ અને એનિમિયા (લોહીની ઉણપ) જેવી સમસ્યાઓના કાયમી નિવારણ માટે ગુજરાત સરકાર દ્વારા આહારમાં ફોર્ટિફિકેશનનો નવતર અભિગમ અપનાવીને એક સ્વાસ્થ્ય ક્રાંતિની શરૂઆત કરવામાં આવી છે. ઘણીવાર આપણે પેટભરીને જમીએ છીએ, પરંતુ શું આપણા ભોજનમાં શરીર માટે જરૂરી એવા સૂક્ષ્મ પોષકતત્વો પૂરતી માત્રામાં હોય છે? આ જ પ્રશ્નના ઉકેલ રૂપે સરકાર દ્વારા ફૂડ ફોર્ટિફિકેશનનો વ્યાપ વધારવામાં આવ્યો છે. આ કોઈ દવા નથી, પરંતુ આપણા રોજિંદા ખોરાકને શક્તિશાળી બનાવવાની એક વૈજ્ઞાનિક રીત છે, જેમાં ખોરાકની પ્રાકૃતિકતા કે સ્વાદમાં કોઈ ફેરફાર કર્યા વિના તેમાં આયર્ન, આયોડિન અને વિટામિન્સ જેવા સૂક્ષ્મ પોષકતત્ત્વોની માત્રા વધારવામાં આવે છે.

લોહીની ઉણપ એટલે કે એનિમિયાની સમસ્યા આજે વ્યાપક છે, જેના નિવારણ માટે સરકાર દ્વારા NFSA કાર્ડધારકોને વાજબી ભાવની દુકાનેથી કલ્પતરુ બ્રાન્ડનું ડબલ ફોર્ટિફાઇડ મીઠું પૂરૂં પાડવામાં આવે છે. આ મીઠામાં આયોડિનની સાથે 'આયર્ન' (લોહતત્વ) નો સમન્વય કરવામાં આવ્યો છે, જે બાળકોના શારીરિક-માનસિક વિકાસ અને મહિલાઓમાં એનિમિયા અટકાવવા માટે અનિવાર્ય છે. આ મીઠામાં દેખાતા નાના કાળા કણો એ હકીકતે આયર્ન છે, જે સાબિત કરે છે કે તમારું મીઠું પોષણથી ભરપૂર છે. આ મીઠું વાપરવાથી ભોજનના સ્વાદમાં કોઈ ફેર પડતો નથી અને તે પરિવારના તમામ સભ્યો માટે હિતાવહ છે. જોકે, તેના મહત્તમ લાભ મેળવવા માટે રસોઈ બની જાય ત્યાર બાદ જ આ મીઠું ઉપરથી ઉમેરવું જોઈએ અને તેને ચુસ્ત બરણીમાં ભરી રાખવું જોઈએ.

રાજ્ય સરકારના આ પોષણ અભિયાનમાં ફોર્ટિફાઇડ ચોખા પણ મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. આ ચોખામાં ફોર્ટિફાઇડ રાઇસ કર્નલ ઉમેરવામાં આવે છે, જે ફોલિક એસિડ, વિટામિન B-12 અને આયર્ન જેવા પોષક તત્વોથી સભર હોય છે. આ તત્વો મગજની કાર્યક્ષમતા વધારવા, રક્તકણોના ઉત્પાદન અને ગર્ભમાં રહેલા શિશુના યોગ્ય વિકાસ માટે અત્યંત જરૂરી છે. ફોર્ટિફાઇડ ચોખાનો સંગ્રહ, રાંધવાની પદ્ધતિ અને સ્વાદ સામાન્ય ચોખા જેવા જ હોવાથી તેનો ઉપયોગ ખીચડી, પુલાવ કે અન્ય વાનગીઓમાં નિઃસંકોચ કરી શકાય છે. આપણું ભાવિ એવા બાળકોના સ્વાસ્થ્ય માટે સરકાર સતત ચિંતિત છે, તેથી જ પ્રાથમિક શાળાઓમાં પી.એમ. પોષણ યોજના અંતર્ગત તેમજ આંગણવાડીઓમાં બાળકોને ફોર્ટિફાઇડ લોટ, તેલ અને ચોખા દ્વારા શક્તિશાળી આહાર પૂરો પાડવામાં આવે છે.

તંદુરસ્ત શરીર એ જ સાચી મૂડી છે અને આ સૂત્રને સાર્થક કરવા માટે દરેક નાગરિકે જાગૃત બનવું અનિવાર્ય છે. કુપોષણ અને એનિમિયા સામેની આ લડાઈમાં ડબલ ફોર્ટિફાઇડ મીઠા અને ચોખાનો આગ્રહ રાખીને આપણે એક મજબૂત અને સ્વસ્થ રાષ્ટ્રના નિર્માણમાં સહભાગી બની શકીએ છીએ. રાજ્ય સરકારના પ્રયાસો ત્યારે જ સફળ થશે જ્યારે દરેક પરિવાર પોતાના રસોડામાં આ પોષક આહારને સ્થાન આપશે. ચાલો, આજથી જ સાદા મીઠાને બદલે કલ્પતરુ ડબલ ફોર્ટિફાઇડ મીઠા અને ફોર્ટિફાઇડ ચોખાનો ઉપયોગ શરૂ કરી રોગમુક્ત અને તેજસ્વી જીવનની શરૂઆત કરીએ અને સ્વસ્થ ગુજરાતના સંકલ્પમાં સહભાગી બનીએ.

# મોરબી જીલ્લા પંચાયતની સામાન્ય સભા ૨૪ ફેબ્રુઆરીએ યોજાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા પંચાયતની સામાન્ય સભાની બેઠક તા. ૨૪/૦૨/૨૦૨૬ મંગળવારે સાંજે ૪:૩૦ વાગ્યે જીલ્લા પંચાયતના સભાખંડમાં યોજાશે. બેઠકમાં અંદાજપત્ર, ગ્રાંટ, સ્વભંડોળ અને રેતી રોયલ્ટી સંબંધિત મુદ્દાઓ સહિતના મુદ્દાઓ પર ચર્ચા થશે.

જીલ્લા પંચાયત મોરબીની સામાન્ય સભાની આગામી બેઠક તા. ૨૪ ફેબ્રુઆરીને મંગળવારના રોજ બપોરે ૪:૩૦ કલાકે જીલ્લા પંચાયત મોરબીના સભાખંડ ખાતે યોજાનાર છે. બેઠક અંગે જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેધી તથા સચિવ અને જીલ્લા વિકાસ અધિકારી એન.એસ. ગઢવી દ્વારા સભ્યોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે. બેઠકની કાર્યસૂચિ મુજબ ગત બેઠકની કાર્યવાહી નોંધ અને ઠરાવોની અમલવારીને બહાલી આપવામાં આવશે. ઉપરાંત જીલ્લા પંચાયતની વિવિધ સમિતિઓની કાર્યવાહી નોંધ પર મંજૂરી આપવામાં આવશે. બેઠકમાં એક કલાકની પ્રશ્નોતરી પણ યોજાશે તેમજ સદસ્યો તરફથી મળનારા પ્રસ્તાવો પર ચર્ચા કરવામાં આવશે. જી.વી.અ.અને પ્રમુખની ઐચ્છિક ગ્રાંટ હેઠળ બહાલીની અપેક્ષાએ અપાયેલી સૈધાંતિક તથા વહીવટી મંજૂરીઓને બહાલી આપવાનો મુદ્દો પણ ચર્ચામાં રહેશે. જીલ્લા પંચાયત સ્વભંડોળ અને રેતી રોયલ્ટી હેઠળ રજૂ થયેલ કામોને સૈધાંતિક અને વહીવટી મંજૂરી આપવાના મુદ્દાઓ સાથે હેતુફેરના કામોને મંજૂરી આપવા અંગે ચર્ચા થશે.

આ ઉપરાંત ૧૫મા નાણાપંચ હેઠળ જીલ્લા કક્ષાના ૧૦ ટકા હેતુફેરના કામોને મંજૂરી તેમજ જીલ્લા પંચાયત મોરબીનું વર્ષ ૨૦૨૫-૨૬નું સુધારેલ અને વર્ષ ૨૦૨૬-૨૭નું અંદાજપત્ર મંજૂર કરવાનો મહત્વનો મુદ્દો પણ કાર્યસૂચિમાં સમાવાયેલ છે.

# હળવદ ભાજપ દ્વારા પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ શહેર ભાજપ દ્વારા પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત કાર્યકરો અને આગેવાનો દ્વારા પંડિતજીના ચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી તેમની સ્મૃતિને વંદન કરવામાં આવ્યું અને ''પંડિત દીનદયાળ ઉપાધ્યાયજી અમર રહો '' અને ભારત માતા કી જય અને વંદે માતરમ્? ના સુત્રોચારના માધ્યમથી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી..



આ પ્રસંગે વક્તાઓએ પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના ''એકાત્મ માનવવાદ'' અને ''અંત્યોદય''ના વિચારોથી પ્રેરણા લઈ સમાજના અંતિમ માનવી સુધી વિકાસ પહોંચાડવાનો સંકલ્પ વ્યક્ત કર્યો. તેઓએ જણાવ્યું કે પંડિતજીનું સમગ્ર જીવન રાષ્ટ્રસેવા, સાદગી અને નિષ્ઠાનું પ્રતિક હતું અને આજના સમયમાં પણ તેમના વિચારો માર્ગદર્શક છે. કાર્યક્રમમાં શહેર અને ગ્રામ્ય ભાજપના હોદ્દેદારો, કાર્યકરો તથા સમર્થકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં સૌએ રાષ્ટ્રસેવામાં વધુ સક્રિય રહેવાનો સંકલ્પ લીધો.

# મોરબીમાં પરિણીતાએ પતિ, સાસુ અને જેઠ સામે શારીરિક-માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ગોંડલની વતની અને મોરબીમાં પરણેલી મહિલાએ પતિ સહિત સાસરિયા સામે નાની નાની બાબતે હેરાનગતિ, મારકૂટ અને કરિયાવર મુદ્દે ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાવી છે. મોરબી મહિલા પોલીસે ત્રણેય આરોપીઓ સામે બીએનએસ કલમ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ગોંડલ ખાતે માવતરે રહેતી અભિલાષાબેન હર્ષદભાઈ મનજીભાઈ કડીવારે મોરબી મહિલા પોલીસ મથકમાં પોતાના પતિ હર્ષદભાઈ મનજીભાઈ કડીવાર, સાસુ ચંપાબેન મનજીભાઈ કડીવાર અને જેઠ જીજ્ઞેશભાઈ મનજીભાઈ કડીવાર બધા રહે. ૫૦૨, ઋષિકેશ એપાર્ટમેન્ટ, લીલાપર કેનાલ રોડ, મોરબી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદ મુજબ લગ્નજીવન દરમિયાન નાની નાની બાબતો, ઘરકામ તેમજ કરિયાવર મુદ્દે ફરિયાદી અભિલાષાબેનને અવારનવાર મેણાટોણા મારી હેરાન પરેશાન કરવામાં આવતા હતા. ઉપરાંત મારકૂટ કરી શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. હાલ મોરબી મહિલા પોલીસે ફરિયાદના આધારે પતિ સહિતના ત્રણેય આરોપીઓ વિરુદ્ધ બીએનએસ કલમ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નવી દિલ્હીમાં CCRT વર્કશોપમાં ગુજરાતની ટીમનું ભવ્ય સાંસ્કૃતિક પ્રદર્શન

**મુખ્ય સમાચાર, મોરબી**

નવી દિલ્હી ખાતે યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની CCRT વર્કશોપમાં ગુજરાતની ટીમે પ્રકૃતિ અને સાંસ્કૃતિક વારસાના સમન્વયને આધારે વિશેષ પ્રસ્તુતિ આપી આગવી ઓળખ ઉભી કરી હતી. ૯ રાજ્યોના ૫૩ શિક્ષકોની હાજરી વચ્ચે ગુજરાતની કૃતિને ઉપસ્થિત મહાનુભાવોએ બિરદાવી હતી.



નવી દિલ્હી સ્થિત CCRT (Centre for Cultural Resources and Training) ખાતે ''Role of Schools in Conservation of Nature & Cultural Heritage'' વિષય પર રાષ્ટ્રીય કક્ષાની વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ યોજાયેલી આ વર્કશોપમાં દેશના ૯ રાજ્યોમાંથી કુલ ૫૩ શિક્ષકોએ ભાગ લીધો હતો. તેમાં ગુજરાતની ટીમે પોતાની અનોખી અને સર્જનાત્મક પ્રસ્તુતિ દ્વારા ખાસ છાપ છોડી હતી. વર્કશોપનો મુખ્ય હેતુ શાળાઓના માધ્યમથી કુદરતી પર્યાવરણ અને સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ માટે જાગૃતિ લાવવાનો હતો. શિક્ષણ માત્ર પુસ્તકી જ્ઞાન પૂરતું ન રહી, પરંતુ વિદ્યાર્થીઓમાં પ્રકૃતિપ્રેમ અને સંસ્કૃતિ પ્રત્યે ગૌરવની ભાવના વિકસે તે માટે શિક્ષકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમના ભાગરૂપે તા.૧૧-૦૨-૨૦૨૬ના રોજ ગુજરાતના પ્રતિનિધિ શિક્ષકો દ્વારા વિશેષ સાંસ્કૃતિક કૃતિ રજૂ કરવામાં આવી હતી. આ પ્રસ્તુતિમાં ગુજરાતની સમૃદ્ધ લોકપરંપરા, લોકકલા, પ્રાકૃતિક સંસાધનો અને સંસ્કૃતિ સાથેનો આત્મીય સંબંધ જીવંત રીતે દર્શાવવામાં આવ્યો હતો. પ્રસ્તુતિ દ્વારા પ્રકૃતિ અને સંસ્કૃતિનો સમન્વયનો અસરકારક સંદેશ આપવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કાજલ મકવાણા, ખ્યાતિ ગર, સરવૈયા હિમાંશુ એમ., રાજ અરૂણકુમાર જે. અને ડો. કિરીટ સોમૈયા સહિતના શિક્ષકોએ કર્યું હતું. તમામ શિક્ષકોએ સમૂહ પ્રયાસથી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ગુજરાતની ટીમે પોતાની રજૂઆત દ્વારા સ્પષ્ટ કર્યું કે શિક્ષણમાં માત્ર પાઠ્યપુસ્તકો જ નહીં, પરંતુ આપણા આસપાસની પ્રકૃતિ, પરંપરા અને સાંસ્કૃતિક વારસાનું પણ મહત્વપૂર્ણ સ્થાન છે. વિવિધ રાજ્યોમાંથી ઉપસ્થિત પ્રતિનિધિઓ તથા મહાનુભાવોએ ગુજરાતની આ કલાત્મક અને સંદેશસભર પ્રસ્તુતિને બિરદાવતા અભિનંદન પાઠવ્યા હતા. આ વર્કશોપ આગામી સમયમાં શિક્ષકોને પર્યાવરણપ્રેમી અને સંસ્કૃતિના સચેત રક્ષક તરીકે તૈયાર કરવામાં મહત્વપૂર્ણ સાબિત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# મોરબીમાં પુત્રના લગ્ન પ્રસંગે જલારામ ધામ ખાતે મહાપ્રસાદ યોજી સમાજને પ્રેરણા આપી



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ક્ષત્રિય સમાજના અગ્રણી રઘુવીરસિંહજી કરણસિંહજી ઝાલાએ કુંવર દેવમસિંહજીના લગ્ન નિમિતે મોરબી જલારામ ધામ ખાતે આખો દિવસ મહાપ્રસાદ યોજી માનવસેવાનો અનોખો સંદેશ આપ્યો હતો. ત્યારે સમાજમાં આ પહેલને વ્યાપક સરાહના મળી છે.

મોરબી જલારામ ધામ ખાતે દરરોજ બપોરે અને સાંજે સદાવ્રત દ્વારા જરૂરિયાતમંદ લોકોને ભોજન આપવામાં આવે છે. આ સેવાયજ્ઞને વધુ અર્થપૂર્ણ બનાવતા મોરબી ક્ષત્રિય સમાજના અગ્રણી રઘુવીરસિંહજી કરણસિંહજી ઝાલા મોટા ખીજડીયાવાળા પરિવારે કુંવર દેવમસિંહજી ઝાલાના લગ્ન પ્રસંગે આખો દિવસ મહાપ્રસાદનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે લોકોએ પ્રસાદનો લાભ લીધો અને ઝાલા પરિવારની આ માનવસેવાની પહેલને બિરદાવી હતી.

લગ્ન જેવા આનંદ પ્રસંગને સેવાકાર્ય સાથે જોડીને સમાજને નવી દિશા દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું આગેવાનો દ્વારા જણાવાયું હતું. ઝાલા પરિવારના મોભી કરણસિંહજી ધીરૂભા ઝાલા, રઘુવીરસિંહજી ઝાલા, કીશોરસિંહજી ઝાલા, દિલાવરસિંહજી ઝાલા અને કુંવર દેવમસિંહજી ઝાલા સહિત પરિવારજનોને મોરબી જલારામ ધામના ગીરીશભાઈ ઘેલાણી, હરીશભાઈ રાજા સહિત અનેક આગેવાનો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે એક વર્ષમાં જિલ્લાના ૧૦૦ ગામોની મુલાકાત લઈ લોકપ્રશ્નોનું નિરાકરણ કર્યું





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે આશરે એક વર્ષના ટૂંકા ગાળામાં વહીવટી વ્યસ્તતાની વચ્ચે પણ જનસેવાને પ્રાધાન્ય આપી જિલ્લાના ૧૦૦ જેટલા અંતરિયાળ ગામોની પ્રત્યક્ષ મુલાકાત લીધી છે. કલેક્ટરની આ મુલાકાતો માત્ર વહીવટી નિરીક્ષણ પૂરતી મર્યાદિત ન રહેતા, ગ્રામજનોના પ્રશ્નોના નિરાકરણ અને સરકારી યોજનાઓના સીધા અમલીકરણનું એક સબળ માધ્યમ બની છે.આ સમયગાળા દરમિયાન કલેક્ટરએ ગ્રામ પંચાયતોની ઓચિંતી તપાસણી કરી રેકર્ડ અદ્યતન કરવા, વેરા વસુલાત અને સરકારી જમીન પરના દબાણો હટાવવા જેવી વહીવટી કામગીરી હાથ ધરી હતી. શિક્ષણ અને બાળકોના ભવિષ્ય પ્રત્યે સંવેદનશીલતા દાખવી તેઓએ જિલ્લાની શાળાઓ અને આંગણવાડીઓની રૂબરૂ મુલાકાત લીધી હતી. જ્યાં બાળકોના શિક્ષણનું સ્તર, અભ્યાસેતર પ્રવૃત્તિઓ અને ખાસ કરીને મધ્યાહન ભોજનની ગુણવત્તાની ઝીણવટભરી તપાસ કરી બાળકોને પોષણક્ષમ આહાર મળે તેવી તકેદારી રાખી હતી. આરોગ્ય ક્ષેત્રે પણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મુલાકાત લઈ ઓ.પી.ડી., દવાનો જથ્થો અને ઉપલબ્ધ સાધનોની સમીક્ષા કરી ગ્રામીણ સ્તરે શ્રેષ્ઠ સારવાર મળે તેવું વાતાવરણ સર્જ્યું હતું.કલેક્ટરના આ પ્રવાસમાં 'રાત્રી સભાઓ' ગ્રામીણ વિકાસ માટેનું અસરકારક માધ્યમ બની રહી હતી. ગામડાઓમાં રાત્રિ રોકાણ અને સભાઓ યોજી તેઓએ ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધ્યો, વિકાસના કામોની ચર્ચા કરી અને આયુષ્માન કાર્ડ, આવાસ યોજના તથા કૃષિ યોજનાઓની જાણકારી પૂરી પાડી હતી. ખેડૂતોના હિતમાં તેઓએ ખેતરોની મુલાકાત લઈ પાક, સિંચાઈ અને ખાતરની ઉપલબ્ધતા અંગે સમીક્ષા કરી હતી, સાથે જ પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતોને પ્રોત્સાહન પૂરું પાડી અન્યોને પણ ઝેરમુક્ત ખેતી તરફ વળવા પ્રેરણા આપી હતી.

કલેક્ટર કેતન ઠક્કરની કાર્યશૈલીમાં માનવીય અભિગમ પણ છલકાયો છે. ગત દિવાળીની ઉજવણી શહેરના મનોદિવ્યાંગ બાળકો સાથે કરીને તેઓએ સમાજમાં એક અનોખો સંદેશ આપ્યો હતો, જેની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ વિશેષ સરાહના કરી હતી. ઉપરાંત, માર્ગ પર ચાલતા જતા શાળાના બાળકો સાથે શિક્ષણ અને મધ્યાહન ભોજનની સમીક્ષા કરવાના તેમના અંદાજ સહિતની ઉપરોક્ત કામગીરીને રાજ્યના એડી.ચીફ સેક્રેટરી જયંતિ રવિ સહિતના ઉચ્ચ અધિકારીઓએ બિરદાવી હતી.

મહેસૂલી કોર્ટ કેસ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, અતિવૃષ્ટિ જેવી કુદરતી આફતો અને મહાનુભાવોની મુલાકાતો જેવી અનેકવિધ જવાબદારીઓ વચ્ચે પણ કલેક્ટરએ છેવાડાના માનવી સુધી પહોંચીને જામનગર જિલ્લાના સર્વાંગી વિકાસ માટે નવી કેડી કંડારી છે.

# જામનગર આઈ.ટી.આઈ. ખાતે સેફર ઈન્ટરનેટ ડે ની ઉજવણી તાલીમાર્થીઓને સાયબર સુરક્ષા વિશે માહિતગાર કરાયાં

## નેશનલ ઈન્ફોર્મેટિક સેન્ટર દ્વારા આયોજિત સેમિનારમાં સાયબર ફ્રોડ અને સુરક્ષિત ડિજિટલ વ્યવહારો અંગે અપાયું માર્ગદર્શન



**મુખ્ય સમાચાર, જામનગર**

ડિજિટલ યુગમાં ઈન્ટરનેટના વધતા વ્યાપની સાથે સાયબર સુરક્ષા અનિવાર્ય બની છે, ત્યારે ગઈકાલે ૧૦ ફેબ્રુઆરીના રોજ 'સેફર ઈન્ટરનેટ ડે' નિમિત્તે આઈ.ટી.આઈ. જામનગર ખાતે એક વિશેષ જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.નેશનલ ઈન્ફોર્મેટિક સેન્ટરના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ તાલીમાર્થીઓને સાયબર ક્રાઈમ સામે જાગૃત કરવાનો અને તેમને સુરક્ષિત ડિજિટલ વાતાવરણ પૂરું પાડવાનો હતો.

સેમિનારનો પ્રારંભ સંસ્થાના આચાર્ય આર. એસ. ત્રિવેદી દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે આઈટી ક્ષેત્રના નિષ્ણાતોએ વક્તા તરીકે ઉપસ્થિત રહી તાલીમાર્થીઓને આધુનિક સાયબર જોખમો વિશે માહિતગાર કર્યા હતા. સેમિનારમાં ખાસ કરીને મજબૂત પાસવર્ડ રાખવાનું મહત્વ, સોશિયલ મીડિયા અને બેંકિંગ વ્યવહારોમાં 'ટુ-સ્ટેપ વેરિફિકેશન'નો ઉપયોગ તેમજ અજાણી લિંક્સ અને ફેક ન્યૂઝથી બચવા માટેની પદ્ધતિઓ વિશે ઊંડાણપૂર્વક સમજણ આપવામાં આવી હતી. નિષ્ણાતોએ તાકીદ કરી હતી કે કોઈપણ સંજોગોમાં ઓટીપી OTP અન્ય વ્યક્તિ સાથે શેર ન કરવો જોઈએ.આ ઉપરાંત, જો કોઈ વ્યક્તિ સાયબર ગુનાનો ભોગ બને, તો ત્વરિત મદદ મેળવવા માટે સાયબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦ અને ઓનલાઇન સાયબર ક્રાઈમ પોર્ટલનો ઉપયોગ કેવી રીતે કરવો તેની પ્રાયોગિક માહિતી પણ પૂરી પાડવામાં આવી હતી.કાર્યક્રમમાં આઈ.ટી.આઈ. જામનગરના આચાર્ય, ફોરમેન ઈન્સ્ટ્રક્ટર તથા મોટી સંખ્યામાં તાલીમાર્થીઓ અને સ્ટાફગણ જોડાયો હતો. સેમિનારના અંતે તમામ ઉપસ્થિતોએ ટેકનોલોજીનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવાની અને ઈન્ટરનેટના માધ્યમથી સાવચેતી રાખવાની સામુહિક પ્રતિજ્ઞા લીધી હતી.

# મોરબીના ગાળા ગામ નજીક ટ્રક હડફેટે મોટર સાયકલ ચાલકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-માળીયા નેશનલ હાઈવે ઉપર ગાળા ગામના પાટીયા નજીક વધુ એક રોડ અકસ્માતમાં ટ્રક હડફેટે મોટર સાયકલ ચાલકનું મૃત્યુ નીપજ્યું હતું. બનાવ મામલે મૃતકના ભાઈ દ્વારા તાલુકા પોલીસ મથકમાં આરોપી ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી અનુસાર, જામનગર જીલ્લાના બાલંભા ગામે રહેતા વિરજીભાઈ નરશીભાઈ રાઠોડ ઉવ.૪૫ એ મોરબી તાલુકા પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, ગઈકાલ તા.૧૧/૦૨ ના રોજ તેમના નાનાભાઈ રમેશભાઈ સાંજે તેમનું મોટર સાયકલ રજી.નં. જીજે-૩૬-એએ-૬૧૩૩ વાળું લઈને લક્ષ્મીનગરથી વેજલપર માતાજીના માંડવામાં જઈ રહ્યા હતા. તે દરમિયાન ગાળા ગામના પાટીયા પાસે ટ્રક કન્ટેઈનર રજી.નં. જીજે-૧૨-બીએક્સ-૭૩૯૯ના ચાલકે પોતાનું વાહન બેદરકારીથી ચલાવી આવી રમેશભાઈના મોટરસાયકલને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતમાં રમેશભાઈ રોડ ઉપર પડી જતા, તેઓને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોચતા તેમનું સ્થળ ઉપર જ મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માત સર્જી ટ્રક કન્ટેઈનર ચાલક પોતાનું વાહન રેઢું મૂકીને નાસી ગયો હતો. હાલ મોરબી તાલુકા પોલીસે આરોપી ટ્રક કન્ટેઈનર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ધોરાજીના દાતારવાડીથી મોટી પરબડી જતો રસ્તો મેટલ રોડ બનાવવા રજૂઆત

## ખેડૂત ખાતેદારો દ્વારા મામલતદારને આવેદન અપાયું

**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ - કૌશલ સોલંકી**

ધોરાજીના દાતારવાડીથી મોટી પરબડી જતો રસ્તો ગ્રામીણ સડક યોજના-કૃષિ સડક યોજના હેઠળ મેટલ રોડ બનાવવાની માંગણી ઉઠાવી વિઠ્ઠલભાઇ હિરપરા તેમજ ખેડૂત ખાતેદારોએ આ અંગે ધોરાજી તાલુકા મામલતદારને આવેદન સુપ્રત કરી રજૂઆત કરી છે.

આ અંગે તેઓએ જણાવેલ હતું કે ગુજરાત સરકારની ગ્રામીણ સડક યોજના કૃષિ સડક યોજના હેઠળ ધોરાજી શહેરમાં દાતારવાડીથી રેલવે ફાટક નં. ૬૬-સી૧-ઈથી મોટી પરબડી ગામે જતો રસ્તો ગોંડલ સ્ટેટના વખતથી આશરે એક સાંકળ એટલે કે ૩૩ ફૂટની પહોળાઇનો આવેલ છે જે મામલતદાર કચેરીના રેવન્યુ રેકર્ડમાં પણ દર્શાવેલ છે. આ રાજમાર્ગ આજે ઘણાં જ વર્ષોથી રીપેરીંગના અભાવે બિલકુલ જર્જરીત હાલતમાં ફેરવાય ગયેલ છે તેમજ કાદવ-કિચડથી ખદબદે છે તેમજ આ



રસ્તાની બન્ને સાઇડમાં ઝાડી-ઝાંખરા ઉગી નીકળેલા છે તેના કારણે આ રસ્તો બીલકુલ સાંકળો થઈ ગયેલ છે.

કિચડથી ખદબદે છે તેમજ આ રસ્તાની બન્ને સાઇડમાં ઝાડી-ઝાંખરા ઉગી નીકળેલા છે તેના કારણે આ રસ્તો બીલકુલ સાંકળો થઇ ગયેલ છે.

આજે બળદ ગાડાથી થતી ખેતી વાડીના કામકાજ હવે થતાં નથી તેના બદલે આધુનિક યાંત્રિક સાધનોથી ખેડ-વાવણી અને કાપણી થાય છે, યાંત્રિક વાહનો જે અવરજવરમાં તેમજ ખેત ઉત્પાદનની જણસીના વહનમાં પણ મોટી સાઇઝના યાંત્રિક વાહનોને પણ ભારે અચડણ થાય છે અને એક બીજા વાહનોને માર્ગ આપી શકતા નથી. ત્યારે આ પ્રશ્નને તત્કાલ પગલા લેવા તેઓએ માંગણી ઉઠાવી છે.

# મિલ્કત વેરા તથા પાણી વેરા પર વ્યાજ માફી યોજના શરૂ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકોને રાહત આપવા હેતુસર મિલ્કત વેરા તથા પાણી વેરા પર વ્યાજ માફી યોજના તા. ૧૧/૦૨/૨૦૨૬થી અમલમાં મુકવામાં આવી છે,

શહેરના મિલ્કતધારકો પર બાકી રહેલ કરની રકમ પર ચડત વ્યાજમાં રાહત મળે તે હેતુથી આ વિશેષ યોજના જાહેર કરવામાં આવી છે. રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારની રહેણાંક તેમજ બિન-રહેણાંક મિલ્કતો માટે નીચે મુજબ વ્યાજ માફી આપવામાં આવનાર છે

પ્રોપર્ટી ટેક્સ (સામાન્ય કર) પર ચડત વ્યાજમાં રૂ. ૫,૦૦૦/- સુધીની રકમનું વ્યાજ માફ કરવામાં આવશે.

પાણી વેરા પર ચડત વ્યાજમાં પણ રૂ. ૫,૦૦૦/- સુધીની રકમનું વ્યાજ માફ કરવામાં આવશે.

આ રીતે મિલ્કતધારકોને કુલ મળીને રૂ. ૧૦,૦૦૦/- સુધીની વ્યાજ રાહત મળશે.

આ યોજના તા. ૧૧/૦૨/૨૦૨૬થી શરૂ થઈ છે અને આગામી તા. ૩૧/૦૩/૨૦૨૬ સુધી જ અમલમાં રહેશે.

રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતાશ્રી લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડકશ્રી મનીષભાઇ રાડીયા દ્વારા શહેરના તમામ મિલ્કતધારકોને અપીલ કરે છે કે તેઓ આ યોજનાનો લાભ લઈ બાકી રહેલ કરની રકમ સમયસર ભરપાઈ કરે અને વ્યાજ માફીનો લાભ મેળવે. સમયસર કરચુકવણી દ્વારા શહેરના વિકાસ કાર્યોને વધુ ગતિ મળશે અને નાગરિક સુવિધાઓમાં સુધારો શક્ય બનશે.

આ યોજના અંગે વધુ માહિતી માટે નાગરિકો પોતાની સંબંધિત ઝોન કચેરી અને વોર્ડ ઓફિસનો સંપર્ક કરી શકે છે.

# મોરબીમાં મિલન પાર્ક પાસે પાર્ક કરેલ બાઈક તસ્કરો લઈ ગયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના સામાકાંઠા વિસ્તારમાં મહેન્દ્રનગર ચાર રસ્તા મિલાન પાર્ક પાસે પાર્ક કરેલ હીરો કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ કોઈ અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી લઈ ગયા અંગે બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

મળતી વિગતો અનુસાર, મોરબી-૨ મહેન્દ્રનગર સાનિધ્ય પાર્ક સોસાયટી શેરી નં.૧ માં રહેતા શૈલેષભાઇ ચતુરભાઈ ચીખલીયા ઉવ.૪૨ નામના વેપારી ગઈ તા.૦૯/૦૭/૨૦૨૫ના રોજ મહેન્દ્રનગર ચાર રસ્તા મિલાન પાર્ક પાસે આવેલ ઉમા સ્વીટ માર્ટમાં લાડવા લેવા માટે પોતાનું હીરો સ્પ્લેન્ડર રજી.નં. જીજે૦૩-ડીએ-૦૯૪૭ લઈને ગયા હતા ત્યારે ત્યાંથી કોઈ અજાણ્યા વાહન ચોર ઈસમ ઉપરોક્ત મોટર સાયકલ ચોરી જરીને લઈ ગયા હતા, ત્યારે બાઇક ચોરી અંગે પ્રથમ ઇ-એફઆઈઆર બાદ રૂબરૂ બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપી અજાણ્યા વાહન ચોર સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી મનપાની વેબસાઈટથી રૂ. ૩ કરોડથી વધુ મિલકત વેરાની ઓનલાઈન ભરપાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશન મારફતે નગરજનોએ અત્યાર સુધી રૂ.૩.૩૮ કરોડથી વધુ મિલકત વેરો ઓનલાઈન ભર્યો છે. છેલ્લા ચાર મહિનામાં ૪,૯૦૦થી વધુ ફરિયાદો એપ્લિકેશન દ્વારા નોંધાઈ છે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા નાગરિકોની સુવિધા માટે વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશન શરૂ કરવામાં આવી છે, જેથી નગરજનો ઘરેથી જ વિવિધ સેવાઓનો લાભ લઈ શકે. મિલકત વેરાની ઓનલાઈન ભરપાઈ સેવા શરૂ થયા બાદ આજદિન સુધીમાં રૂ.૩,૩૮,૩૮,૫૯૧ની રકમ મોબાઈલ એપ્લિકેશન મારફતે વસૂલાઈ છે. ફરિયાદ વ્યવસ્થામાં પણ નાગરિકો સક્રિય બન્યા છે. મહાનગરપાલિકામાં કુલ ૧૪,૩૧૬ ફરિયાદ નોંધાઈ છે, જેમાંથી છેલ્લા ચાર મહિનામાં અંદાજે ૪,૯૨૬ ફરિયાદો મોબાઈલ એપ્લિકેશન દ્વારા કરવામાં આવી હતી. મોટાભાગની ફરિયાદોનો નિકાલ સંબંધિત શાખાઓ દ્વારા કરવામાં આવ્યો છે. આ સાથે ICT વિભાગ દ્વારા નગરજનોને વેબસાઈટ અને એપ્લિકેશનનો વધુ ઉપયોગ કરી ઓનલાઈન સેવાઓનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# મહાશિવરાત્રી ૨૦૨૬ : રાજકોટ અને વેરાવળ વચ્ચે ૧૩ થી ૧૭ ફેબ્રુઆરી દરમિયાન ચાલશે 'મેળા સ્પેશિયલ' ટ્રેન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મહાશિવરાત્રી મેળા ૨૦૨૬ના અવસરે મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ અને વેરાવળ વચ્ચે વિશેષ ભાડા પર પાંચ દિવસ માટે ''મહાશિવરાત્રી મેળા સ્પેશિયલ'' ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે

ટ્રેન સંખ્યા ૦૯૫૧૩/૦૯૫૧૪ રાજકોટ--વેરાવળ--રાજકોટ અનારક્ષિત દૈનિક સ્પેશિયલ

ટ્રેન સંખ્યા ૦૯૫૧૩ રાજકોટ-વેરાવળ સ્પેશિયલ દરરોજ સવારે ૬:૫૫ કલાકે રાજકોટથી રવાના થશે અને તે જ દિવસે સવારે ૧૦:૫૫ કલાકે વેરાવળ પહોંચશે.

ટ્રેન સંખ્યા ૦૯૫૧૪ વેરાવળ-રાજકોટ સ્પેશિયલ વેરાવળથી બપોરે ૧૫:૨૦ કલાકે રવાના થશે અને રાત્રે ૨૦ કલાકે રાજકોટ પહોંચશે.

આ સ્પેશિયલ ટ્રેન ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી દરરોજ દોડાવવામાં આવશે.

સ્ટોપેજ આ ટ્રેન બંને દિશામાં ભક્તિનગર, ગોંડલ, વીરપુર, જેતલસર, જૂનાગઢ અને કેશોદ સ્ટેશનો પર ઉભી રહેશે. મુસાફરોને વિનંતી છે કે ટ્રેનના સ્ટોપેજ, સમયપત્રક અને કોચની રચના સંબંધિત વિગતવાર માહિતી માટે ભારતીય રેલવેની સત્તાવાર વેબસાઇટ www.enquiry.indianrail.gov.inની મુલાકાત લેવી.

# મોરબીમાં જૂના ઝઘડાનો ખાર રાખી દુકાનદારને ગાળો આપી મારપીટ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ત્રિકોણ બાગ નજીક આવેલી ટેલીકોમની દુકાને વેપારી યુવક પર જૂના ઝઘડાના ખાર રાખી હુમલો કરવામાં આવ્યો હતો. ત્યારે વેપારીની ફરિયાદને આધારે સીટી એ ડિવિઝન પોલીસે આરોપી સામે ગુનો નોંધી તપાસની તજવીજ હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ, મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભાવીકભાઈ પ્રદીપભાઈ પરમાર ઉવ.૩૧ રહે. ગાયત્રી નગર વાવડી રોડ મોરબી વાળાએ આરોપી હિરેનભાઈ નંદલાલભાઈ ધામેચા રહે.મીરા પાર્ક, વાવડી રોડ, મોરબી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. જે મુજબ, ગઈકાલ તા.૧૧/૦૨ના રોજ ત્રિકોણ બાગ પાસે જે.પી. માર્કેટમાં આવેલી તેમની ભાવીક ટેલીકોમ દુકાનમાં આરોપી હીરેનભાઈ ધામેચા અગાઉના ઝગડાનો ખાર રાખી દુકાને આવી ગાળો આપી ઝઘડો કર્યો હતો. ગાળો આપવાની ના પાડતા આરોપીએ ફરીયાદીને ડાબા પગ અને પેટના ભાગે ધોકા વડે માર મારી ઇજા પહોંચાડી હતી. હાલ પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાડે આપેલ મકાન ખાલી કરાવવા મકાનમાલિકને ફોન પર ધમકી, બે સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરમાં મકાન મલિક દ્વારા ભાડે આપેલ મકાન ખાલી કરાવવાના મુદ્દે મકાનમાલિકને ફોન પર બીભત્સ ગાળો અને ધમકી આપવામાં આવતા બે વ્યક્તિ સામે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અમૃતભાઈ દેવજીભાઈ આદ્રોજા ઉવ.૬૦ રહે.રવાપર બોનીપાર્ક નંદની એપાર્ટમેન્ટ-૩૦૧ મોરબી વાળા દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે કે, આરોપી ડેનિશ પ્રજાપતિ રહે. ગાયત્રીનગર મોરબી વાળાએ પોતાના મોબાઇલ પરથી ફોન કરી અન્ય આરોપી મહેશભાઈ ડાંગર કે સંજયભાઈ ડાંગર દ્વારા ગઈ તા.૦૮/૦૨ના રોજ ફરીયાદી અમૃતભાઈએ અનુ.જાતિના માણસને ભાડે આપેલ મકાન ભાડુઆત પાસેથી ખાલી કરાવવા માટે બીભત્સ ગાળો આપી હતી. સાથે જ સવારના દસ વાગ્યા સુધીમાં મકાન ખાલી ન કરાય તો પરિણામ ભોગવવા તૈયાર રહેવા જેવી ગુનાહિત ધમકી આપવામાં આવી હતી. હાલ પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટ થી લાલકુઆં વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે એ રાજકોટ થી લાલકુઆં વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. જેની વિગતો નીચે મુજબ છે.

ટ્રેન નંબર ૦૫૦૪૬/૦૫૦૪૫ રાજકોટ-લાલકુઆં વીકલી સ્પેશિયલ ૧૦ ટ્રીપ્સ

ટ્રેન નંબર ૦૫૦૪૬ રાજકોટ-લાલકુઆં સ્પેશિયલ રાજકોટ થી દર સોમવારે ૨૨.૩૦ કલાકે ઉપડશે અને બુધવારે ૦૫.૧૫ કલાકે લાલકુઆં પહોંચશે. આ ટ્રેન ૨ માર્ચ, ૨૦૨૬ થી ૩૦ માર્ચ, ૨૦૨૬ સુધી ચાલશે.

તેવી જ રીતે ટ્રેન નંબર ૦૫૦૪૫ લાલકુઆં-રાજકોટ સ્પેશિયલ દર રવિવારે લાલકુઆંથી ૧૨.૩૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૮.૧૦ કલાકે રાજકોટ પહોંચશે. આ ટ્રેન ૧ માર્ચ, ૨૦૨૬ થી ૨૯ માર્ચ, ૨૦૨૬ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પાટણ, ભીલડી, ધનેરા, રાણીવાડા, મારવાડ ભીનમાલ, મોદરન, જાલોર, મોકલસર, સમદડી, લુણી, જોધપુર, ગોટન, મેડતા રોડ, દેગાણા, મકરાણા, કુચમન સિટી, નાવા સિટી, ફુલેરા, જયપુર, દૌસા, ભરતપુર, મથુરા, મથુરા કેન્ટ, હાથરસ સિટી, કાસગંજ, સોરોન શુકર, બદાયું, બરેલી, બરેલી સિટી, ઇજ્જતનગર, ભોજીપુરા, બહેરી અને કિચ્છા સ્ટેશન પર રોકાશે. આ ટ્રેનમાં સેકંડ એસી, થર્ડ એસી, સેકંડ સ્લીપર અને જનરલ ક્લાસ ના કોચ હશે.

ટ્રેન નંબર ૦૫૦૪૬ નું બુકિંગ ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે. ટ્રેનના સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

# પીપળીયા ગામ નજીક કારખાનાના બાથરૂમમાં ઈન્જેક્શન મારી શ્રમિકનો આપઘાત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના પીપળીયા ગામ નજીક આવેલ પોલીપેક કારખાનામાં શ્રમિકે બાથરૂમમાં ઈન્જેક્શન મારી આપઘાત કર્યો હોવાની ઘટના સામે આવી છે. બનાવ અંગે પોલીસ દ્વારા અ.મોતની નોંધ કરી તપાસ હાથ ધરી છે.

મોરબી તાલુકાના પીપળીયા ફગસીયા રોડ પર આવેલા રોલેક્ષો પોલીપેક કારખાનામાં કામ કરતા બલવીન્દર ધીરાસિંગ ઉવ.૨૭ ગઈકાલ તા.૧૧/૦૨ના રોજ રાત્રે કારખાનાના બાથરૂમમાં જઈ પોતાની રીતે કોઈ જાતનું ઈન્જેક્શન મારી લેતા તેમનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે મોરબી સરકારી હોસ્પિટલના ડોક્ટર દ્વારા પોલીસને ટેલિફોનિક જાણ કરતા તાલુકા પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. ઈન્ક્વેસ્ટ પંચનામાં સહિતની કાર્યવાહી હાથ ધરી, પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

# મોટરમાં ઈંગ્લીશ દારૂના ૧૮૨૪ ચપલા લઈને જતાં બે શખ્સની ધરપકડ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના હાપા માર્કેટીંગ યાર્ડ રોડ પર પોલીસે પૂર્વ બાતમીના આધારે ગોઠવેલી વોચમાં એક મોટરમાંથી ઈંગ્લીશ દારૂના ૧૮૨૪ ચપલા ઝડપાયા છે. આ મોટરનો પીછો કરી ધુંવાવની ગોળાઈ સુધી ધસી ગયેલી પોલીસે રૂ.૯,૬૭,૫૪૦નો મુદ્દામાલ કબજે કરી બે શખ્સની ધરપકડ કરી છે. જ્યારે ધ્રોલમાં એક મકાનમાંથી ઈંગ્લીશ દારૂની ૬૫ બોટલ મળી આવી છે.જામનગરના હાપા માર્કેટીંગ યાર્ડ રોડ પર એક મોટરમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી થઈ રહી હોવાની બાતમી મળતા સિટી એ ડિવિઝનના સ્ટાફે પીઆઈ એન.એ. ચાવડાની સૂચનાથી તે રોડ પર વોચ ગોઠવી હતી.તે દરમિયાન યાર્ડ નજીક નવા બનાવવામાં આવેલા રસ્તા પરથી જીજે-૩-જેસી ૫૬૧૫ નંબરની મોટર દોડી જતી જોવા મળી હતી. તે મોટરને પોલીસે ધુંવાવની ગોળાઈ પાસે ફિલ્મી ઢબે રોકાવી તેની તલાશી લેતાં ભારતીય બનાવટના ૧૮૨૪ ચપલા મળી આવ્યા હતા.અંદાજે રૂ.૪,૬૭,૦૪૦ ની કિંમતના ચપલા તથા રૂ.૫ લાખની મોટર અને એક મોબાઈલ સાથે પોલીસે રણજીતસાગર રોડ પર વસવાટ કરતા દીપક જમનાદાસ જેઠવાણી ઉર્ફે અટાપટુ તેમજ દિગ્વીજય પ્લોટ-૫૪માં વિશ્રામ વાડી ચોકમાં રહેતા જીજ્ઞેશ વિનોદભાઈ ખીચડા નામના બે શખ્સની ધરપકડ કરી છે. આરોપીઓને રિમાન્ડ પર લેવા તજવીજ કરાઈ રહી છે.ધ્રોલ શહેરમાં ઈમામખાના પાસે આવેલા એક શખ્સના મકાનમાં ઈંગ્લીશ દારૂ રાખવામાં આવ્યો હોવાની બાતમી પરથી ધ્રોલ પોલીસ સ્ટેશનના સ્ટાફે ગઈકાલે સાંજે ત્યાં આવેલા ઈમરાન સીરાજ રફાઈ ઉર્ફે જોન્ટી નામના શખ્સના મકાનમાં દરોડો પાડ્યો હતો. તે મકાનમાંથી ઈંગ્લીશ દારૂની ૬૫ બોટલ સાંપડી છે. દરોડા પહેલાં નાસી ગયેલા ઈમરાનના સગડ દબાવવામાં આવ્યા છે.

# નાગવદર શાળામાં રાત્રે આકાશદર્શન યોજાયું

**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ - કૌશલ સોલંકી**



શાળામાં કેન્દ્રીય વિદ્યાલય જેતપુર ના શિક્ષક અને ખગોળશાસ્ત્ર ના પ્રખર જાણકાર શ્રી ધીરેન સર દ્વારા નાગવદર તાલુકા શાળામાં રાત્રે આકાશદર્શ યોજવામાં આવ્યું હતું જેમાં લગભગ ૮૦ થી વધુ બાળકો જોડાયા હતા અને સાંજના ૭ વાગ્યા થી રાત્રિ ના ૧૨ વાગ્યા સુધી વિવિધ ગ્રહો , નક્ષત્રો તારા મંડળો રાશિઓ ઉપગ્રહો તારાઓ ની ઓળખ ચંદ્ર ની ધરતી વગરે બાબતો નો લાઈવ અભ્યાસ કર્યો હતો અને બાળકો એ આતુરતાથી આજીવન યાદ રહે એવી રીતે અસરકારક શિક્ષણ મેળવ્યું હતું.

શાળાના બાળકોની જીજ્ઞાશાવૃતિ થી ધીરેન સર પણ પ્રભાવિત થયા હતા બાળકો એ ખગોળશાસ્ત્ર ને લગતા ૨૦૦ થી વધુ પ્રશ્નો પૂછ્યા હતા. દુનિયાની વિશાળતા પૃથ્વી થી ચંદ્ર , તારાઓ બધાનું અંતર વગેરે બાબતો ઉપગ્રહો ,લઘુ ગ્રહો શોધવા અંગેનું જ્ઞાન પણ મેળવ્યું હતું અને બાળકો માટે આ સતત બીજા વર્ષે રોચક અને યાદગાર અનુભવ રહ્યો હતો. શાળા પરિવાર માંથી દ્વારા અને શાળાના આચાર્ય નિલેશ મકવાણા દ્વારા ધીરેન સર ની નિઃસ્વાર્થ સેવા અને ખગોળપ્રેમ ને બિરદાવ્યો હતો અને એમનો આભાર વ્યક્ત કર્યો હતો

# ઘરફોડ ચોરીના ગુન્હામાં સંડોવાયા પછી નાસી ગયેલા જોડિયા-ભુંગાના શખ્સની કરાઈ અટક

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરના ગ્રામ્ય પંથકમાં ગયા વર્ષે થયેલી એક ઘરફોડ ચોરીના ગુન્હામાં સંડોવાયા પછી નાસી ગયેલા મૂળ જોડિયા-ભુંગાના અને હાલ રાજકોટમાં રહેતા શખ્સને જાંબુડાના પાટીયા પાસેથી પકડી લેવામાં આવ્યો છે.જામનગરના પંચકોશી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગયા વર્ષે નોંધાયેલા ઘરફોડ ચોરીના એક ગુન્હામાં રાજકોટમાં વસવાટ કરતા મૂળ જોડિયા-ભુંગાના નવાઝ ઈશાભાઈ ચંગડા નામના શખ્સની સંડોવણી ખૂલી હતી. ત્યારપછી આ શખ્સ નાસી ગયો હતો.ઉપરોક્ત આરોપી.જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર જાંબુડા ગામના પાટીયા પાસે આવ્યો હોવાની બાતમી પંચકોશી એ ડિવિઝનના એએસઆઈ નિર્મળસિંહ બી. જાડેજા, ચેતન ઘાઘરેટીયા, કાસમ બ્લોચને મળતા પીઆઈ એમ.એન. શેખને તેનાથી વાકુફ કરાયા પછી પીએસઆઈ એ.આર. પરમાર તથા સ્ટાફે જાંબુડા પાટીયા પાસે દોડી જઈ આ શખ્સને અટકાયતમાં લીધો છે.

# ચેક રીટર્ન કેસમાં પ્રોપરાઈટરને ૧ વર્ષની સજા, રૂ.૧૫.૨૬ લાખ ૯% વ્યાજ સાથે ચુકવવા મોરબી કોર્ટે હુકમ કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી મોરબીની બીજા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટએ ચેક રીટર્નના મહત્વપૂર્ણ કેસમાં ગજાનન ફૂડ એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટર જીજ્ઞેશભાઈ ગજાનનભાઈ જાનીને ૧ વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. સાથે જ કોર્ટએ ફરિયાદીને રૂ.૧૫,૨૬,૫૮૪/- વળતર ૯ ટકા વ્યાજ સાથે ચૂકવવાનો હુકમ કર્યો છે.

ફરિયાદી દીપેશભાઈ શુરેશભાઈ દેપાણી પાસેથી આરોપી દ્વારા બેસ ઓઈલ ઉધારમાં ખરીદ કરવામાં આવ્યું હતું. આ માલની બાકી રકમ રૂ. ૭,૬૩,૨૯૨/- ની માંગણી કરાતા આરોપીએ પોતાની બેંકનો ચેક આપ્યો હતો. પરંતુ ચેક ખાતામાં પૂરતા નાણાં ન હોવાને કારણે પરત ફર્યો હતો. આ બાબતે ફરિયાદીએ તા. ૨૯/૦૯/૨૦૨૩ના રોજ કાયદેસરની નોટિસ પાઠવી હતી. તેમ છતાં આરોપી દ્વારા કોઈ જવાબ કે ચુકવણી કરવામાં આવી ન હતી. બાદમાં ફરિયાદી દ્વારા તેમના વકીલ જે.ડી. સોલંકી અને જયેશ પટેલ મારફતે ભારતીય વટાઉખત અધિનિયમની કલમ ૧૩૮ હેઠળ મોરબી કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

કેસ દરમિયાન કોર્ટ દ્વારા આરોપી વિરુદ્ધ સમન્સ ઇસ્યુ કરવામાં આવ્યા હતા. આરોપીએ કોર્ટમાં હાજરી આપી ગુનો નકારી કાઢ્યો હતો. કોર્ટમાં ફરિયાદ પક્ષના પુરાવા અને દલીલો સાંભળ્યા બાદ માનનીય બીજા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે આરોપીને ૧ વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી. તેમજ વિવાદિત ચેકની બાકી રકમની ડબલ રકમ રૂ.૧૫,૨૬,૫૮૪/- ૯ ટકા વ્યાજ સાથે ફરિયાદીને વળતર સ્વરૂપે ચૂકવવાનો આદેશ આપ્યો હતો. જો આરોપી આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય, તો વધુ ૯૦ દિવસની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવ્યો છે. આ કેસમાં ફરિયાદ પક્ષ તરફથી મોરબીના યુવા એડવોકેટ જે.ડી. સોલંકી અને જયેશ પટેલ હાજર રહ્યા હતા. તેમની સાથે મયુર ઉભડીયા, દીપક મકવાણા, પીન્ટુ પરમાર, નીલેશ ચાવડા, હસમુખ ચાવડા, વીરેન્દ્રસિંહ રાઠોડ, આરતી અમૃતિયા, જીતેન્દ્ર વાઢેર, હીના સાગઢીયા, વીરલ છનીયારા અને જયકાંત મકવાણા જોડાયેલા હતા.

# સિંગર સ્વાતી પ્રજાપતિનો આજે જન્મદિવસ



પિતાનું સપનું સાકાર કરવા માટે છેલ્લા કેટલાક દાયકાઓથી સંગીતની સાધના કરતી સ્વાતી પ્રજાપતિનો આજે જન્મદિવસ છે. તેઓ ભક્તિગીતો, ગુજરાતી અને હિન્દી ફિલ્મી ગીતો ગાવાની કાબેલિયત ધરાવતી સ્વાતિ પ્રજાપતિના કંઠના કામણથી સમાજનો દરેક વર્ગ પ્રભાવિત થયો છે. સ્વાતિ અત્યાર સુધીમાં સેંકડો સ્ટેજ કાર્યક્રમો આપી ચુકી છે. વેડિંગ કાર્યક્રમો અને દાંડિયારાસના કાર્યક્રમોમાં સ્વાતિએ સુમધુર કંઠે ગીતો વહેતા કરીને લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે. તેઓએ તેમની અમુલ્ય જીંદગીના ૩૧ વર્ષ પૂર્ણ કરી ૩૨ વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. તેઓના જન્મદિવસ પર પરિવારજનો, મિત્ર-વર્તુળ તેમજ સગા-સ્વજનો દ્વારા સવારથી શુભેચ્છાનો ધોધ વર્ષી રહ્યો છે.

# શિક્ષીકાના અકસ્માતના મૃત્યુ કેસમાં વ્યાજ સાથે રૂા.૮૮ લાખનું વળતર મંજૂર

## કેશોદ બાયપાસ નજીક કાર અકસ્માતમાં હેતલબેન જોષીનું મોત નીપજયું હતુ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ૧૫૦ ફુટ રીંગ રોડ ઉપર બીગબજાર પાછળ રહેતા હેતલબેન બિપીનભાઈ જોષી ગીર સોમનાથ જિલ્લાનાં વેરાવળ તાલુકાનાં આજોઠા ગામે આવેલ સ્વ.ધાનાભાઈ માંડાભાઈ બારડ હાઈસ્કુલમાં માધ્યમિક વિભાગમાં શિક્ષણ સહાયક તરીકે ફરજ બજાવતા હતા. તેણી તા.૨૮/૧૦/૨૦૨૩નાં રોજ પોતાની કાર ચલાવીને અજોઠાથી ગામથી રાજકોટ પોતાનાં ઘરે આવતા હતાં ત્યારે વેરાવળ-જુનાગઢ રોડ કેશોદ બાયપાસ કેવદ્રાના પાટીયા બ્રીજ પાસે રોડ ઉપર પહોંચતાં સામેથી અન્ય કાર નં. જીજે-૦૧-કેયુ-૨૨૭૭ના ચાલકે ગુજરનારને તેણીની કાર સહિત હડફેટે લેતા ગંભીર ઈજાઓ થતાં અકસ્માતવાળી ઈજાઓનાં કારણે હેતલબેનનું મૃત્યુ થયેલ હતું.

જે અંગેનો કલેઈમ કેસમાં ગુજરનારનાં વારસદારોએ રાજકોટ ટીબ્યુનલમાં તેમના વકીલ રવિન્દ્ર ડી. ગોહેલ તથા સંદિપ એમ. રાઠોડ તથા વિવેક ગઢવી દ્વારા તા.૧૫/૦૨/૨૦૨૩માં દાખલ કર્યો હતો. હેતલબેન ગુજરાત સરકારના પરીપત્ર મુજબ પાંચ વર્ષનાં ફીકસ-પેમાં નોકરી કરતાં હતા. તેમનાં પરીવારનું ભરણપોષણ કરતાં. ગુજરનાર તરફે તેમનાં એડવોકેટ દ્વારા ગુજરનારની આવક સાબિત કરવા ઉપરોકત હાઈસ્કુલનાં પ્રિન્સીપલને ૧ વર્ષ બાદ હાલનાં તપાસવામાં આવેલ. જેમાં એવાં પુરાવા રજુ કરાવવામાં આવેલ કે, ગુજરનાર હાલમાં પગાર પેટે ફીકસ-પે મુજબની રકમ મેળવતા હતા પરંતુ જો અકસ્માતમાં ગુજરનારનું મૃત્યુ થયેલ ન હોત તો તેઓ પાંચ વર્ષે પગાર કરતા વધુ પગાર મળવાપાત્ર થાત. તેથી ગુજરનારની અકસ્માત તારીખની આવકને બદલે પાંચ-વર્ષ બાદ કાયમી થાત તે આવક ધ્યાનમાં લેવી જોઈએ અને તેનાં સમર્થનમાં સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ જજમેન્ટ રજુ કરવામાં આવેલ. જેની સામે સામાવાળા વીમા કંપની દ્વારા એવી દલીલ કરવામાં આવેલ કે, ગુજરનાર ભવિષ્યમાં કાયમી થાય તેવા માત્ર અનુમાનને આધારે તેમની ભવિષ્યમાં મળવાપાત્ર પગારની આવક ધ્યાનમાં લેવી જોઈએ નહી, પરંતુ અરજદાર તરફે સુપ્રિમ કોર્ટેનાં ચુકાદાઓ રજુ કરેલ હોય તેથી તે જજમેન્ટ તથા અરજદારોનાં વકીલની મજબુત દલીલો ધ્યાનમાં રાખી રાજકોટ ટ્રીબ્યુનલે ધ્વારા ગુજરનારને પાંચ-વર્ષ બાદ મળવાપાત્ર પગારની આવક ધ્યાને લીધેલ. ગુજરનારની ઉંમર ધ્યાને લઈને ૩૦ ટકા ફયુચર પ્રોસ્પેકટીવ આવક ધ્યાનમાં લઈને વ્યાજ સહીત રૂા.૮૮,૦૦,૦૦૦/-નાં વળતરની રકમ માત્ર ૨-વર્ષનાં ટુંકા ગાળામાં મંજુર કરવામાં આવેલ હતી. આ કેસમાં અરજદાર વતી રાજકોટ કલેઈમ કેસનાં નિષ્ણાંત વકીલ રવિન્દ્ર ડી. ગોહેલ (મો.૯૯૨૫૫ ૪૮૯૯૩), સંદિપ એમ. રાઠોડ, વિવેક વી. ભાંસળીયા (ગઢવી), તથા આસીસ્ટન્ટ તરીકે, દિનેશ ડી. ગોહેલ તથા જતીન પી. ગોહેલ તથા જયેશ મકવાણા વગેરે રોકાયેલ હતા.

# જિલ્લા આરોગ્ય સંકલન સમિતિની બેઠક ૨૧ ફેબ્રુઆરીના યોજાશે

રાજકોટ, ૧૧ ફેબ્રુઆરી - જિલ્લા આરોગ્ય સંકલન સમિતિ અને ડિસ્ટ્રિક્ટ હેલ્થ સોસાયટી ગર્વનીંગ બોડીની બેઠક કલેકટરશ્રી, રાજકોટના અધ્યક્ષસ્થાને ૨૧ ફેબ્રુઆરીના રોજ અનુક્રમે બપોરે ૧૨.૩૦ અને ૧૦૦ વાગ્યે કલેકટર કચેરીના સભાખંડ ખાતે યોજાશે. જેમાં સંબંધિત વિભાગોના અધિકારીઓને ઉપસ્થિત રહેવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, રાજકોટ દ્વારા જણાવાયું છે.

# ભાયાવદરના અરણી ગામની સીમમાં જુગાર રમતા પાંચ પત્તાપ્રેમી ઝડપાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભાયાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા અરણી ગામની મેલાણ સીમમાં જુગાર રમતા પાંચ શખ્સોને ભાયાવદર પોલીસે દબોચી લઇ રૂ.૨૪૮૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ભાયાવદર પોલીસ મથકના પીઆઇ વી.સી.પરમારની સુચનાથી એએસઆઇ વીરમભાઇ, શક્તિસિંહ, સત્યપાલસિંહ સહિતનો સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ટીમને હકિકત મળી હતી કે, અરણી ગામની મેલાણ તરીકે ઓળખાતી સીમમાં કેટલાક શખ્સો જુગાર રમતા હોય પોલીસે ઉપરોકત સ્થળે દરોડો પાડતા જુગાર રમતો વિપુલ મેઘજી સખીયા, પરેશ વીઠ્ઠલ સાવલીયા, હર્ષદ નારણ હિરપરા, નાગજી કરશન સખીયા, સુભાષ મોહન કટારીયા સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૨૪૮૫૦ની રોકડ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## દેવનગરના રહેણાંક મકાનમાં જુગાર રમતી બે મહિલા સહિત પાંચ ઝડપાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના નાનામોવા મેઇન રોડ પર આવેલ દેવનગરમાં રહેણાંક મકાન ચાલતા જુગાર પર પોલીસે દરોડો પાડી બે મહિલા સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી રૂ.૧૪૨૦૦ની રોકડ કબ્જે કરી છે.

આ અંગેની માહિતી મુજબ માલવીયાનગર પોલીસ મથકના પીએસઆઇ કે.ડી.મારૂ, કોન્સ. ભાવેશભાઇ ગઢવી સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમી મળી હતી કે, નાનામોવા મેઇન રોડ પર આવેલ દેવનગર શેરી નં.૧માં રહેતો કમલેશ મહેશ રાઠોડ નામનો શખ્સ બહારથી માણસો બોલાવી જુગારના સાધનો પુરા પડી જુગારનો અખાડો ચલાવતો હોવાની હકિકતના આધારે પોલીસે દરોડો પાડતા જુગાર રમતો મકાન માલિક કમલેશ મહેશ રાઠોડ, વિનોદ છગન મકવાણા, જયેશ રમેશ રાઠોડ, વર્ષા કમલેશ રાઠોડ, રીના અરવિંદ મકવાણા સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૧૪૨૦૦નો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી છે.

## જામનગર રોડ પર મનહરપુર-૧માં માતાજીના મંદિરમાંથી રૂ.૧.૧૬ લાખના આભુષણોની ચોરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર આવેલા મનહરપુર-૧માં ચામુંડા માતાના મંદિરમાંથી કોઇ અજાણ્યા શખ્સો માતાજીના આભુષણો કિંમત રૂ.૧.૧૬ લાખના ચોરી કરી જતા ગાંધીગ્રામ-૨ યુની. પોલીસમાં ફરીયાદ નોંધાઇ છે.

આ અંગેની માહિતી મુજબ જામનગર રોડ પર માધાપર ગામની સામે આવેલ મનહરપુર-૧માં રહેતા વિજયભાઇ દિનેશભાઇ બાણોધરા (ઉ.વ.૩૨) નામના યુવાને ગાંધીગ્રામ-૨ યુની. પોલીસમાં ફરીયાદ નોંધાવી છે કે, કોઇ અજાણ્યા ઇશ્મો શેરીમાં આવેલ ચામુંડા માતાના મઢમાં પ્રવેશ કરી માતાજીનો સોનાનો મુગટ, ચાંદીના ચાર ફરા સહિત કુલ રૂ.૧.૧૬ લાખના આભુષણો ચોરી ગયાની ફરીયાદ નોંધાવતા હેડ કોન્સ. ફિરોજભાઇએ ગુન્હો નોંધી પ્રાથમીક તપાસ હાથ ધરી છે.

# રાજનગરમાં છુટાછેડા બાબતે પત્ની અને સાસુના ત્રાસથી યુવાને આપઘાત કર્યો'તો

### વૃધ્ધ પિતાએ માલવીયાનગર પોલીસમાં માતા-પુત્રી વિરૂધ્ધ પુત્રને મરવા મજબૂર કર્યાનો ગુન્હો નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી




**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના નાનામોવા રોડ પર આવેલા રાજનગરમાં રહેતા રાજપૂત યુવાને આપઘાત કર્યાના બનાવમાં વૃધ્ધ પિતાએ તેની પત્ની અને માતા વિરૂધ્ધ મરવા મજબૂર કર્યાની ફરીયાદ માલવીયાનગર પોલીસ મથકે નોંધાવતા પીએસઆઇ પી.વી.ડોડીયાએ ગુન્હો નોંધી માતા-પુત્રીની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ નાનામોવા મેઇન રોડ પર રાજનગર શેરી નં.૩માં રહેતા અને પ્રાઇવેટ નોકરી કરી પરીવારનું ગુજરાન ચલાવતા રાજેન્દ્રસિંહ ભાવસિંહ રેવર નામના રાજપૂત વૃધ્ધે માલવીયાનગર પોલીસમાં તેની પુત્રવધુ આરતી દિનેશ વાઘેલા અને તેની માતા જયોતિ દિનેશ વાઘેલા (રહે.સત્યપાર્ક સોસાયટી, હ્યુન્ડાઇ શોરૂમ સામે, ૮૦ ફૂટ રોડ) વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, આ બન્ને માતા-પુત્રીએ દોઢ વર્ષથી છૂટાછેડા બાબતે રૂપિયાની માંગણી કરી તેના પુત્ર વિશ્વજીતસિંહ રાજેન્દ્રસિંહ રેવરને શારીરીક-માનસીક ત્રાસ આપતા હોય જેથી વિશ્વજીતસિંહ ત્રાસથી કંટાળી જઇ ગઇ તા. ૯-૨-૨૦૨૬ના રાત્રીના સમયે પોતાના ઘરે છતના પંખા સાથે દોરડું બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હોય આ યુવાનને મરવા મજબૂર તેની પત્ની આરતી અને તેની માતા જયોતીએ કર્યો હોવાનો આક્ષેપ કરી ફરીયાદ નોંધાવતા માલવીયા નગર પોલીસ મથકના પીએસઆઇ પી.વી.ડોડીયાએ માતા-પુત્રી વિરૂધ્ધ ગુન્હો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# શાપર-વેરાવળના કોરટ ચોક પાસે બે કિલો ગાંજાના જથ્થા સાથે બિહારી દંપતી ઝડપાયું

### પોલીસે રૂ.૧ લાખની કિંમતનો જથ્થો કબ્જે કરી વુધ તપાસ હાથ ધરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર-વેરાવળમાં આવેલા ઇન્ડટ્રીયલ વિસ્તારમાં માદક પદાર્થોનું પુરજોશમાં વેચાણ અને સેવન થતું હોવાની ફરીયાદોના પગલે શાપર-વેરાવળ પોલીસે પેટ્રોલિંગ સઘન બનાવી ગઇકાલે કોરટ ચોક પાસે નેશનલ હાઇવે પર બિહારી દંપતીને રૂ.૧ લાખની કિંમતના બે કિલો ગાંજા સાથે દબોચી લઇ વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ શાપર-વેરાવળ પોલીસ મથકના પીઆઇ આર.બી.રાણાની સુચનાથી પીએસઆઇ આર.ડી.સોલંકી, એએસઆઇ ક્રિપાલસિંહ, ભુપેન્દ્રભાઇ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન હકિકત મળી હતી કે, કોરટ ચોક પાસે નેશનલ હાઇવે પર એક પુરૂષ અને એક મહિલા માદક પદાર્થ ગાંજો વેચવા ઉભા હોવાની હિકકતના આધારે પોલીસે ઉપરોકત સ્થળે દોડી જઇ લક્ષ્મણરામ રૂદલરામ પાસવાન (રહે.હાલ ગુંદાસરા, રેલ્વે સ્ટેશન પાસે, મુળ વતન ગનોલો, જી. આરા બિહાર) અને તેની પત્ની રોમાદેવી લક્ષ્મણરામ પાસવાનની અંગઝડતી લેતા તેની પાસેથી માદક પદાર્થ ગાંજાનો બે કિલો ૯૦૦ ગ્રામ કિંમત રૂ.૧.૦૯ લાખનો જથ્થો મળી આવતા એક મોબાઇલ સહિતનો મુદ્દામાલ કબ્જે કરી ગાંજાનો જથ્થો કયાંથી લાવ્યા અને કોને આપવાનો હોય તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં વડીલો માટે જીવનસાથી પસંદગી સંમેલન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સમગ્ર ભારતભરમાં વડીલોના ૯૨ સંમેલનની ભવ્ય સફળતા બાદ ચોથીવાર રાજકોટમાં ઢળતી ઉંમરે એકલતા દૂર કરવા,એકબીજાનો પ્રેમ અને હૂંફ મેળવવા, પાનખરમાં વસંત લાવવાના ક્રાંતિકારી પગલાંરૂપે ૪૫થી ૭૫ વર્ષની ઉંમરના વડીલ સ્ત્રી/પુરુષો માટે ૯૩માં અનોખા / અનન્ય જીવનસાથી પરિચય સંમેલન રાજકોટ સ્થિત વિવિધ આયામો સભર અવિરત કાર્યરત એવી સુપ્રસિદ્ધ સંસ્થા ' શ્રી બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટ'ના સંપૂર્ણ સૌજન્ય થી અને દેશભર મા સુપ્રસિદ્ધ સંસ્થા ' અનુબંધ ફાઉન્ડેશન-અમદાવાદ 'ના સંયુક્ત ઉપક્રમે તા ૨૧/૦૨/૨૦૨૬ ને શનિવાર ના રોજ સવાર ના ૯.૦૦ કલાકે - રાષ્ટ્રીય શાળા હોલ, ડો.યાજ્ઞિક રોડ, અબતક ન્યુઝ પ્રેસ, વિદ્યાનગર મેઈન રોડ પાસે, રાજકોટ-૩૬૦૦૦૧ મુકામે ધર્મ જ્ઞાતિના ભેદભાવ વિના તદ્દન નિઃશુલ્ક કરવામાં આવેલ છે.

સંમેલનમાં ભાગ લેવા ઇચ્છતા ભારતભરના કોઈપણ સ્થળેથી ૪૫થી ૭૫ વયના કુંવારા, ડિવોર્સી, વિધવા, વિધુર ઉમેદવારોએ એક ફોટો, આધાર કાર્ડ/ ડિવોર્સ પેપર/પતિ પત્ની ના મરણ સર્ટિફિકેટની ઝેરોક્સ સાથે હાજર રહેવું.અને (૧)શ્રી જયેશભાઈ ઉપાધ્યાય. પ્રમુખ-બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટ- ૮૮૬૬૦૨૨૬૬૦ (૨) શ્રી નટુભાઈ પટેલ-પ્રમુખ. અનબંધ ફાઉન્ડેશન-અમદાવાદ - ૮૩૨૦૩૭૨૨૬૪ (૩) શ્રી નવિનભાઈ પટેલિયા રઘવંશી-કોઓર્ડીનેટર - અનુબંધ ફાઉન્ડેશન-૯૯૨૪૨૩૦૦૦૩ (૪) શ્રી ભુપતભાઇ સોની- સેક્રેટરી-અનુબંધ ફાઉન્ડેશન- ૯૪૨૬૪૨૫૮૪૪ - કોઈ એક નંબર ઉપર નામ નોંધાવવુ જરૂરી છે.

દૂરથી આવનાર સ્ત્રી ઉમેદવારો માટે રાત્રી રોકાણની વ્યવસ્થા ફીમાં કરવામાં આવેલ છે.

કાર્યક્રમ રુપરેખા : (૧) ૯ થી ૧૧ - રજીસ્ટ્રેશન (૨) ૧૧ થી ૧૧:૩૦ - દિપ પ્રાગટ્ય. (૩) ૧૧:૩૦ થી ૧૪-પાત્ર પરિચય (૪) ૧૪ થી ૧૫ - ભોજન. (૫) ૧૫ થી ૧૬ -પર્સનલ મિટિંગ.

# રિંગરોડ-૨ની કામગીરી અંતર્ગત કોરાટ ચોકથી કાળીપાટ સુધી ટ્રાફીક ડાયવર્ઝન અપાયું

### તા.૫ જુન સુધીનું અધિક કલેકટરનું જાહેરનામું વાહનો માટે વૈકલ્પીક રૂટ જાહેર કરાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ હસ્તકના એકઝીસ્ટીંગ રીંગરોડ-૨ના ફેઝ-૩ (ગોંડલ રોડથી ભાવનગર રોડ) પર રિસફેસિંગની કામગીરી કરવામાં આવનાર છે. જેના પગલે આ કામગીરી દરમિયાન અકસ્માતની કોઈ ઘટના ન ઘટે તે માટે રીંગરોડ-૨ના ફેઝ-૩ કોરાટ ચોકથી કાળીપાટ ચોક સુધીના રોડ પરના ટ્રાફિકને ડાયવર્ઝન કરવાની જરૂરીયાત ઉભી થતા તા.૧૦ ફેબ્રુથી તા.૫ જૂન સુધી ટ્રાફિકને ડાયવર્ઝન કરવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન મુછાર દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ અંગે રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા કરવામાં આવેલી દરખાસ્તને ધ્યાને લઈને ઈન્ચાર્જ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મુંછાર દ્વારા આ જાહેરનામું પ્રસિદ્ધ કરી પ્રતિબંધાત્મક આદેશ કરી નાના-મોટા વાહનોના ચાલકોને કોરાટ ચોકથી કાળીપાટ સુધીના રોડ પર પસાર થવા માટે વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવા તાકીદ કરવામાં આવી છે. જે મુજબ ભારે વાદનો માટે તા.૧૦ ફેબુ થી તા.૫ જૂન સુધી.કોરાટ ચોકથી આજીડેમ ચોક સુધીના ૧૧ કી.મી.ના અને રાજકોટ-ભાવનગર રોડ આજીડેમ ચોકથી કાળીપાટ ચોક સુધી ૭.૬૦ કિ.મીના રોડનો ઉપયોગ કરવાનો રહેશે. જયારે નાના અને હળવા વાહનો માટે તા.૧૦ ફેબુથી તા. ૧૯ ફેબુ સુધી કોરાટ ચોકથી કોઠારીયા ચોકડી તા.૧૯ ફેબુ થી ૮ માર્ચ સુધી કોઠારીયા ચોકથી લાપાસરીચોક તા.૮ માર્ચથી તા.૨૦ માર્ચ સુધી લાપાસરીથી વડાળી ચોક તેમજ તા.૨૦ માર્ચથી તા.૨૫ એપ્રિલ સુધી વડાળીથી કાળીપાટ ચોકડી સુધીના વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવાનો રહેશે. પોલીસ અને ઈમરજન્સી વાદનને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં આ જાહેરનામાનો ભંગ કરનારા સામે શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

# રઘુનંદન સોસાયટીમાં પડોશી શીખ પરીવાર વચ્ચે મારામારીઃ પાંચ ઘાયલ

### નાણાની લેતીદેતી તેમજ જુના મનદુઃખમાં ડખ્ખોઃ સામ સામે ફરિયાદ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પોપટપરામાં રઘુનંદન સોસાયટીમાં શીખ પરિવાર બાખડયા હતા. જેમાં પાંચને ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તો અને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. વર્ષ પહેલા પણ માથાકૂટ થઈ હતી, રૂપિયાની લેતી જતી કારણભૂત હોવાનું અનુમાન છે. પ્રધુમન નગર પોલીસે તપાસ હાથ ધરી છે.બે વખતે રવિન્દ્રસીંગને લોકઅપમાં બેસાડી દેવાયો હતો. દર વખતે બહાર આવી પરિવારની દીકરી - વહુ સાથે બોલાચાલી ઝઘડો કરતો હોવાનો આક્ષેપ છે.

બનાવ અંગે ઈજાગ્રસ્ત તનુબેનના ભાઈ આકાશસીંગ અને પિતા મનજીતસીંગ ગુરુબચનસીંગ કોઠીવાલએ આક્ષેપ કરતા જણાવ્યું કે, એક વર્ષ પહેલા પણ માથાકૂટ થઈ હતી તે સમયે તનુબેનને હાથમાં ઇજા થઈ હતી. હાથ ભાંગી ગયો હતો. પોલીસમાં જાણ કરી હતી. રવિન્દ્રસિંગને ત્યારે લોક અપમાં બેસાડી દેવાયો હતો. તાજેતરમાં અમે તપાસ કરી હતી પણ એક વર્ષ પહેલા પોલીસે યોગ્ય કાર્યવાહી કર્યા વગર એફઆઈઆર નોંધી નહોતી.

તેવી અમને જાણ થઈ હતી. જેથી અમે સીપીને અરજી કરી છે. મંગળવારે ગુરુદ્વારામાં આકાશસીંગની પત્નીને રવિન્દ્રસિંગે ન કહેવાનું કહ્યું હતું. જેથી ફરી માથાકૂટ બોલાચાલી થઈ હતી. ફરી પોલીસે રવિન્દ્રસિંગને લોકઅપમાં બેસાડી દીધો હતો.

સવારે ૭.૩૦ વાગ્યે સામેવાળા પ્રદિપસિંગ, નરેન્દ્ર ઈતવાસીંગએ ઝઘડો કરીને ઈંટ વડે માર માર્યો હતો. જેમાં તનુબેનને ઇજા થઈ હતી. તનુબેનને દાખલ કરાયા છે. ભાઈ આકાશસિંગે કહ્યું કે, તેના ખિસ્સામાંથી ૩૦ હજારા કાઢી લીધા છાતીમાં નખથી વિખોડીયા ભર્યા, ઢીંકા પાટુનો માર માર્યો. પિતા મનજીતસીંગને હાથમાંથી કોઈ ધાર દાર હથિયાર માર્યું હતું

સામે પક્ષે બલજીત કૌર સરપાલસીંગ રાઠોડ (ઉંમર વર્ષ ૭૦) અને પુત્ર રવિન્દ્રસીંગ સરપાલસીંગ રાઠોડ (ઉંમર વર્ષ ૩૨)ને ઇજા થઈ છે. તેમણે આક્ષેપ કર્યો કે, રઘુનંદન સોસાયટી રાજકોટ ખાતે સવારે ૭૩૦ વાગ્યે ઘર પાસે હતા ત્યારે માતા પુત્રને આકાશ, શાનું, અને અનમોલએ ઝઘડો કરીને માર માર્યો હતો. માતા પુત્ર સિવિલ હોસ્પિટલમાં દાખલ છે. તેઓએ આક્ષેપ કર્યો કે, રૂપિયા ૧૫૦૦૦ મનજીતસીંગ ગુરુબચચનસીંગ કોઠીવાલ પાસેથી ઉછીના લીધા હતા. તે પરત કરી દીધા હોવા છતાં રૂપિયા માંગે છે. ઝઘડો કરી બલજીત કૌરના કાનના બુટીયા અને નાકનો દાણો કાઢી લીધો હતો. પોલીસે બંને પક્ષના નિવેદન લઇ વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ રેલ્વેના પટમાંથી મળેલ નવજાત દુષ્કર્મ પીડીત સગીરાનું હતું

### પરીવારે પાપ ગણી પ્રસૃતી કરાવ્યા બાદ તરછોડી દીધું હતું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

માધાપર ચોકડી પાસે આવેલ સંતોષીનગરની સામે રેલ્વેના પટમાંથી જીવીત નવજાત બાળક ત્યજી દેવાયેલ હાલતમાં મળી આવતા ચકચાર મચી ગઈ હતી. આ બાળકને ૧૦૮ ની ટીમે તુરત જ સારવાર માટે ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં ખસેડયું હતું. ગાંધીગ્રામે પાલીસની ટીમે આ બાળક ત્યજી દેનાર નિષ્ઠુર જનતા કોણ? તેની તપાસ શરૂ કરી હતી. તપાસમાં ચોંકાવનારી હક્તિ સામે આવી છે. મૂળ મધ્યપ્રદેશની ૧૫ વર્ષની સગીરાએ આ બાળક ત્યજી દીધાનું સામે આવતાં તેની પૂછ્તાછમાં દેવભૂમિ દ્વારકા પંથકમાં દાહોદના એક શખ્સે તેની સાથે દુષ્કર્મ આચરી ગર્ભ રાખી દેતાં આ બાળક ત્યજી દીધાનું ખુલતાં પોલીસે આરોપી વિરૂધ્ધ બળાત્કાર, પોક્સો એક્ટ હેઠળ ગુનોનોંધી દેવભૂમિ દ્વારકા પોલીસને તપાસ ટ્રાન્સફર કરી હતી. આ અંગેની વિગત મુજબ, ગઈ તા. ૨૭ ના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મયુરસિંહ જાડેજાએ શેઠનગરમાં રહેતા ચેતનભાઈ રાયધનભાઈ જીલરીયાની ફરિયાદ પરથી નવજાત બાળકની માતા અને તપાસમાં ખુલે તેના વિરૂધ્ધ બાળકને અસુરક્ષીત રીતે ત્યજી દેવાનો ગુનો નોંધ્યો હતો. ફરીયાદી ચેતનભાઈએ જણાવ્યુ હતુ કે, તેઓ જામનગર રોડ સતોષીનગર રોડ ખાતે ચા-પાણી પિતા હતા ત્યારે સંતોષીનગરની સામે રેલવેના પટમાં ઝુંપડપટ્ટી પાસે માણસો ભેગા થયેલ હતા. ત્યાં રડવાનો અવાજ આવતા માણસો ભેગા થયેલ હોય,ત્યા જઈને જોયેલ તાજુ જન્મેલ બાળક સફેદ જેવી ચાદર માવિટાળેલુ હતું. દરમિયાન ૧૧૨ નો સ્ટાફ આવી જતા બાળકને ૧૦૮ મારફત આ ઝનાના હોસ્પીટલમાં સારવારમાં ખસેડયુ હતુ. જે બાદ બાળકનો જન્મ થતાં જ ત્યજી દીધાના સામે આવતાં બનાવની આળગની તપાસ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના પીઆઈ એસ. આર. મેઘાણીની રાહબરીમાં પીએસઆઈ પી.બી. વારોતરીયા અને રાઈટર વિશ્વરાજસિંહ દ્વારા હાથ ધરાઈ હતી. પોલીસ સીસીટીવી કેમેરાના ફુટેજ ચેક કરવા ઉપરાંત આસપાસના લોકો પાસેથી માહિતી મેળવતા ચોંકાવનારા ખુલાસા થયા હતાં. જેમાં જે તે સમયે માધાપર ચોકડી પાસે આવેલ રઘુવીર ઈન્ડસ્ટ્રીઝ ઝોન નજીક ઝુંપડામાં રહેતાં શ્રમિક પરીવાર દ્વારા બાળક ત્યજી દીધેલનું ખુલતાં હાલ મધ્યપ્રદેરા રહેતી સગીરાને બોલાવી પૂછ્તાછ કરતાં હકીક્ત સામે આવી હતી. સગીરાએ વર્ણવેલ હકીક્ત મુજબ, ૧૦ મહિના પહેલા તેણી પરીવાર સાથે રઘુવીર ઈન્ડસ્ટ્રીઝ ઝોન નજીક ઝુંપડામાં રહેતી હતી અને પરિવાર મજૂરી કામ કરતો હતો. તે દરમિયાન દેવભૂમિ દ્વારકાના નવી ત્રેવડ ગામે પાણીનો ટાંકો બનાવવાનો હોય જેથી ત્યાં મજૂરીકામે ગયેલ હતાં. ત્યાં આરોપી પણ સાથે કામ કરતો હોય જેને લલચાવી ફોસલાવી ગામ નજીક આવેલ ઝાળી ઝાંખરામાં લઇ જઈ બળજબરીથી શરીર સબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું. જે બાદ ત્યાં કામ પૂરું કરી તેઓ પરત રાજકોટ રહેવાં આવતાં રહેલ હતાં. તે દરમિયાન તેણીને ગર્ભ રહી ગયો હોવાની જાણ થતાં પરીવાર ચોંક્યો હતો. જે બાદ પોતે સગીર હોવાના કારણે તેની ઝુંપડામાં જ પ્રસૃતી કરાવી નાંખી બાળકને ત્યજી દિધું હતું. હાલ પોલીસે સગીરાના પિતાની ફરીયાદ પરથી પુત્રી પર દુષ્કર્મ આચરનાર મુળ દાહોદના ગરબાડાના શખ્સ વિરૂદ્ધ ગુનો નોંધાવ્યો હતો.

# ગોપાલ ઈટાલિયા-મનોજ સોરઠીયા ભાજપની બી ટીમઃ રાજુ કરપડાના આક્ષેપો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રાજુ કરપડાએ આમ આદમી પાર્ટીના મહામંત્રી મનોજ સોરઠીયા અને ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા પર પ્રહારો કર્યા હતા. રાજુ કરપડાએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું કે આખી આમ આદમી પાર્ટી નહીં પણ ગોપાલ ઈટાલિયા અને મનોજ સોરઠીયા ભાજપની બી ટીમ તરીકે કામ કરે છે. અમે જેલમાં જ રહીએ તેવા પ્રયાસ કર્યા. આમ આદમી પાર્ટી મજબૂત ન થાય તે માટે બંને નેતા કામ કરી રહ્યા છે.

હું હાલમાં કોઈ પાર્ટી સાથે જોડાવવાનો નથી, પરંતુ આવતા દિવસોમાં ખેડૂત સંમેલન જરૂર બોલાવીશ. ખેડૂતોના પ્રશ્નો ઉકેલવા અને ખેડૂતોના હિતમાં જે કામ કરશે તે પાર્ટીમાં જોડાઇશ અને તે પાર્ટીના સ્ટેજ પરથી વખાણ પણ કરીશ.

ગઇકાલે રાજ્યની રાજનીતિમાં મહત્ત્વપૂર્ણ વળાંક સર્જાયો હતો. આમ આદમી પાર્ટીના ખેડૂત સંગઠનના પ્રદેશ પ્રમુખ રાજુ કરપડાએ પાર્ટીના તમામ પદ પરથી રાજીનામું આપી દીધું હતું. રાજુ કરપડાએ પોતાનું રાજીનામું પાર્ટીના ઉચ્ચ નેતૃત્વને સોંપ્યું હતું.

રાજુ કરપડાના રાજીનામાંથી સૌરાષ્ટ્રમાં AAPને મોટો ફટકો પડ્યો છે. સૌરાષ્ટ્રમાં ની પકડ ધીમે ધીમે મજબૂત બની રહી હતી અને ઈટાલિયાની વિસાવદર જીત બાદ કડદાપ્રથા સામે મોટું આંદોલન થયું, જેથી ખેડૂતો AAP તરફ ઢળવા લાગ્યા, પણ અચાનક જ રાજુ કરપડાના રાજીનામાં બાદ પાર્ટી સૌરાષ્ટ્રમાંથી પોતાની પકડ ગુમાવશે એ વાત નક્કી છે. રાજુ કરપડા લાંબા સમયથી ખેડૂત મુદ્દાઓ પર સક્રિય રહ્યા છે અને રાજ્યભરમાં ખેડૂત આંદોલનો અને કાર્યક્રમોમાં અગત્યની ભૂમિકા ભજવી હતી. તેમના અચાનક રાજીનામાથી AAPના ખેડૂત સંગઠનને અસર થવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે.

## લોહાનગરમાં પુત્રીના લગ્ન પુર્ણ કરી પિતાએ અનંતની વાટ પકડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોહાનગરમાં કરુણ ઘટના બની હતી. જેમાં દીકરીના લગ્ન કરાવી બીજા દિવસે સુતા બાદ પિતા ઉઠયા જ નહોતા.



લોહાનગરના મનોજભાઈ કૈકેવાડીયાનું હાર્ટ એટેકથી મોત નીપજ્યું હતું.

આ બનાવ અંગે મળતી વિગત મુજબ, મનોજભાઈ રેવારામ દેકેવાડીયા (ઉંમર વર્ષ ૪૭, રહે.લોહાનગર, ગુરુકુળ સામે, ગોંડલ રોડ, રાજકોટ) સવારે ૭ વાગ્યાં આસપાસ પોતાના ઘરે બેભાન થઈ જતા રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. અહીં તેમને મૃત જાહેર કરાયા હતા. પરિવાજનો એ જણાવ્યું કિ મનોજભાઈ કપડાની ફેરી કરતા હતા તેઓ આઠ ભાઈ અને પાંચ બહેનમાં ૧૧માં નંબરના હતા તેમને સંતાનમાં ચાર દીકરીઓ છે. જેમાંથી મોટી દીકરીના રવિવારે લગ્ન હતા રવિવારે લગ્ન પ્રસંગ પતાવ્યા બાદ સોમવારે બીજું બધું કામ પૂર્ણ કર્યું હતું. મનોજભાઈ મંગળવારે રાત્રે જમી પરવારીને સુવા માટે ગયા હતા સવારે તેને પરિવારજનોએ તેમણે ઉઠાડતા તેઓ ઉઠયા નહોતા.

# ઉછીના નાણાની ઉઘરાણીમાં યુવક પર સલુન સંચાલકોનો કાતરથી હુમલો

### હાર્દીક-ધવલ સામે ગોપાલ વડેરાએ નોંધાવી ફરિયાદ



**મુખ્ય સમાચાર રાજકોટ**

કોઠારીયા રોડ પર પૈસાની લેતી દેતીમાં ગોપાલ વડેરા ઉપર સલૂન સંચાલક ભાઈઓએ કાતર વડે હુમલો કર્યો હતો. પડખામાં, પીઠમાં, હાથમાં, ગરદન નીચે વાસાના ભાગે આડેધડ કાતરના ઘા ઝીંકયાં હતા. જે અંગે ધવલ અને હાર્દિક સામે ભક્તિનગર પોલીસમાં ફરિયાદ દાખલ થઈ છે. ઈજાગ્રસ્તને સિવિલમાં દાખલ કરાયો છે. ફરિયાદમાં ગોપાલ અરવિંદભાઈ વોશ (ઉ.૧.૩૦, રહે. નાળોદાનગર, શ્રેવી નં. ૪. હુડકી પોલીસ ચોકી પાછળ રાજકોટ)એ જણાવ્યું કે, હું મારા મમ્મી ગીતાબેન તથા મારા પપ્પા સાથે રહુ છું. સુથક બાજુથી કામ કરું છું. દોઢેક વર્ષ પહેલા દિમીનગર મેઈન રોડ ઉપર આવેલ ખંથી પાત નામની દુકાને હું અવારનવાર ફાકી ખાવા જતો હોય અને તેની લાઈનમાં મોર્ડન હેર સ્ટાઈલ નામની દુકાન આવેલ છે. જે દુકાનવાળા ધવલભાઈ તથા હાર્દિકભાઈ બંને બંસી પાનની દુકાને આવતા હોય જેથી અમો તૈના પરીચયમાં આવેલ અને એક બીજાને સારી રીતે ઓળખતા આજયી આશરે દસ મહીના પહેલા મારે પૈસાની જણીયાત હોય જેથી મેં હાર્દિક પાસેથી રૂ ૫૫ હજાર હાથ ઉછીના લીધેલ હતા. જેમાંથી મેં તેઓને રૂ. ૧૫ કટકે કટકે આપી દીધેલ. ચાલીસ હજાર મારે તેના આપવાના બાકી હતા. જેથી હું સાડા છએક વાગ્યે માનવધર્મ આશ્રમ બાજુ હતો ત્યારે હાર્દિકનો ફોન આવેલ અને મને બંસી પાને બોલાવતા હું મારૂ હોન્ડા લઈને આશરે પોણા સાતેક વાગ્યે પબંસી પાને ગયેલ. ત્યાં હાર્દિક કહેલ કે તું મને પૈસા આપી દે. મેં કહેલ કે હાલ મારી પાસે પૈસા નથી. હાર્દિક એકદમ ઉશ્કેરાઈ ગયો. ત્યાં તેનો મોટો ભાઈ ધવલ પણ આવી ગયેલ હાર્દિક પેન્ટના ખીસ્સામાંથી કાતર કાઢી મને હાથે બાવડામાં, પડખામાં, પીઠમાં, ગરદન નીચે વાંસાના ભાગે આડેધડ ઘા મારેલ. ધવલે મને ઢીકા પાટુનો માર મારેલ. ત્યારબાદ આ બંને ભાઈઓ ત્યાંથી જતા રહેલ. મારા કાકાનો દિકરો જય ત્યાં આવતા મને ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો.